સમાજ, સાહિત્ય અને સંસ્કારનું નૂતન માસિક

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ



જંસેયં તં સમાયરે

સંપાદક **સોમચંદ ડી. શાહ**

[ વર્ષ ૧ લું. અંક ૮ મો    આસો; સં. ૨૦૦૨ ]

વીર સં. ૨૪૭૨ | અંક; ૮ | જુનું વર્ષ ૩ જું;
વી. સં. ૨૦૦૨ | આસો | નવું વર્ષ ૧ લું;

# વિષય દર્શન


| | | |
|---|---|---|
| **मृत्यु पर विजय** | ... कº | ૨૧૩ |
| આખરી પડદો | ... શ્રી દર્શક | ૨૧૪ |
| અસમાધિનું દુઃખ | ... પૂ. આ. વિજય રામચંદ્રસૂરિજી મ. | ૨૧૭ |
| 'વહેમમૂક્તિ'ના લેખનું ખંડન | ... શ્રી જિનભક્ત | ૨૧૯ |
| વિશ્વવિજેતા સંપ્રતિ | ... શ્રી પન્નાલાલ જ. મસાલીઆ | ૨૨૧ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ | ... પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજીમ. | ૨૨૩ |
| આર્યલગ્નની મહત્તા | ... શ્રી ઉજમશી જુઠાભાઈ | ૨૨૫ |
| મહાસાગરનાં મોતી | ... પૂ. આ. વિજયલબ્ધિસૂરિજી મ. | ૨૨૬ |
| ઇચ્છા હોય તો | ... કુ. મુ. દોશી | ૨૨૭ |
| 'નામના'નું ભૂત | ... શ્રી મફતલાલ સંઘવી | ૨૨૮ |
| **स्वाध्याय** | ... **श्री कीर्ति** | ૨૨૯ |
| કાનજીસ્વામી સાથેનો વાર્તાલાપ | ... શ્રી વારૈયા | ૨૩૧ |
| એની કાંઇ સમજ પડતી નથી | ... શ્રી પ્રકર્ષ | ૨૩૩ |
| મહાપુરુષની જીવનગાથા | ... પૂ. મુ. શ્રી ચંદ્રોદયવિજયજી મ. | ૨૩૪ |
| સનાતન જૈનદર્શન | ... પૂ. આ. વિ. ભુવનતિલકસૂરિજી મ. | ૨૩૫ |
| શ્રી શત્રુંજય | ... પૂ. મુનિરાજશ્રી દીપવિજયજી મ. | ૨૩૭ |
| છૂટાછેડા | ... શ્રી ધન્વંતરી | ૨૩૯ |
| સહશિક્ષણનું પરિણામ | ... શ્રી સમાજસેવક | ૨૪૧ |
| જીવનમાં શુભક્રિયાનું સ્થાન | ... પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મ. | ૨૪૩ |
| અમીવચનો | ... પૂ. પં. પ્રવિણવિજયજી મ. | ૨૪૫ |
| નવાં પુસ્તકો | ... સમાલોચક | ૨૪૭ |


**ગ્રાહક બન્ધુઓને—**

**કલ્યાણ**ના રેપર ઉપર આપનો ગ્રાહક નંબર લખવામાં આવે છે. તે આપની ડાયરીમાં નોંધી લ્યો! અને જ્યારે પત્રવ્યવહાર વગેરે કરો ત્યારે ગ્રાહક નંબર લખવા ચૂકવું નહિ.

આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે તેની જાણ ખાતર ગ્રાહક નંબર ઉપર ગોળ આકાર કરવામાં આવશે. ગોળ આકાર કરવામાં આવ્યો હોય તો સમજવું કે, તે અંકે લવાજમ પુરું થાય છે.

**સંપાદક**

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# કલ્યાણ

॥ शिवमस्तु सर्वजगतः

સંસ્કારવાંચ્છુ જૈન સમાજનું
નૂતન માસિક
આસો : ૨૦૦૨
લવાજમ; રૂ. ૦-૪-૦

## मृत्यु पर विजय



મૃત્યુનો ભય, એ માનવજાતનો શત્રુ છે. જીવવાની વૃત્તિથી યેનકેન જીવનને વધુ લંબાવવાની ઘેલછામાંથી માનવજાત, નિર્વીર્ય અને પાંગળી બનતી જાય છે. મૃત્યુની શંકાથી કે રોગ-માત્રના નામથી આત્મા પોતાના સત્ત્વને ખોઈ બેઠો છે. બળવાન શરીરધારી પણ આજે મરવાની વાત સાંભળીને કાયર અને નમાલો બની, અધીર બની જાય છે.

મુંબઈ, કલકત્તા કે અમદાવાદના રમખાણોમાં, ગુંડાઓના છુરાઓએ કે બદમાસોની ટોળીએ જે કત્લેઆમ ચલાવી છે તે કદાચ નિવાર્ય બની હોત યા મર્યાદિત બની હોત; જો ત્યાંની નાગરિક પ્રજાએ, મૃત્યુની સ્હામે લડી લેવાની મર્દાનગી ખેલી જાણી હોત તો!

'નાસો, ભાગો, એ હૂમલો થયો, હુલ્લડ થયું, છૂરી ભોંકાઇ,' આવી આવી વાતોના ભણકારાથી દોરવાઇ, હજારો માનવ ટોળાઓ હતવીર્ય બની, કાયરની જેમ શહેરના રાજમાર્ગો પર ધોળે દિવસે દોડાદોડ અને નાસભાગ કરી મૂકે છે, ત્યારે થાય છે કે, રે, કેટલી પામરતા! કેવળ મૃત્યુના ભયથી જાતને બચાવવા માટે આમ વ્યર્થ ફાંફા મારનારા આ બધા કંગાલ માનવોનું જીવન શું ભારરૂપ નથી? જીવવાના વધુ પડતા લોભમાં ભાન ભૂલેલા આ બિચારા ક્ષણે ક્ષણે આમ મરી રહ્યા છે તેનું શું?

સાચી વાત છે કે, માનવમાત્રની સ્વાભાવિક વૃત્તિ આત્મસંરક્ષણ તરફ દોડી જાય છે, પણ ધીર કે કાયર સહુ કોઇને એક વખત મરવાનું જરૂર છે, એમ જાણનારો દેહધારી, જીવવા માટે આટઆટલો બેબાકળો શાને થાય છે? એ પોતે મૃત્યુની સ્હામે હિંમત કાં ન કેળવે? મૃત્યુના ભયથી શંકિત બની, ક્ષણેક્ષણે મરવા કરતાં મૃત્યુની સ્હામે નિર્ભયતાપૂર્વક ઉભનારો જવાંમર્દ કદાચ મરશે કે, જે અનિવાર્ય હતુ; છતાં એક જ વખત. વારંવાર તેને મરવાનું નથી.

મૃત્યુ, એ માનવજીવનની છેલ્લી પરીક્ષા છે, આમ નીડરતાપૂર્વક મૃત્યુને માણી જનારો ભડવીર, પોતાની આજુબાજુના વાતાવરણમાં અમરતાના નાદને ગૂંજતા કરી જીવી જાય છે. તેમજ અનેકોને શાંત, ધીર અને સત્ત્વશાળી જીવન જીવવાનો સંદેશ આપી, આવો મહાનુભાવ આત્મા, જગતના જીવવા ખાતર બેબાકળા બનેલા જીવનઘેલા આત્માઓને બોધપાઠ આપી જાય છે.

[ બાકી; પાનું ૨૧૬ ]

ભોવાલના રાજકુમાર રાજેન્દ્ર નારાયણના જીવનની ચમત્કારિક ઘટના.

# આખરી પડદો:

શ્રી દર્શક

[ કલ્યાણ માટે ખાસ સંકલિત ]

પૂર્વકાલીન જૈન કથા સાહિત્યમાં આવતી ઘટનાઓને ઘણીવાર શંકાની દૃષ્ટિયે જોનારાઓને પણ; માથું હલાવીને 'હા' પડાવે તેવો રોમાંચક કીસ્સો હમણાં જાહેર થયો છે. લંડનની પ્રીવીકાઉન્સીલે જેના પર મ્હોર છાપ મારી છે. તે ભોવાલ સન્યાસી કેસની હકીકતો, 'યુગાદિ' દેશનામાં આવતી વેદવિચક્ષણની માતા કામલક્ષ્મીના ચિતા પરના મૃત્યુ પછી તે બચી અને રખારણનું જીવન શરૂ કર્યું. આ સત્ય ઘટનાને આજે પણ સત્ય કરી બતાવે છે. સાચે, સંસાર એ અતિગહન છે, કર્મોનો વિપાક દુરંત છે. એ તથ્યને રજૂ કરતી આ ઘટના સહુ કોઇએ અથથી ઇતિ સુધી વાંચી જવા જેવી છે.

લગભગ બે મહિના પર ભોવાલ સંન્યાસી કેસનો જ્યારે પ્રિવીકાઉન્સીલે છેવટનો-આખરી ચુકાદોઆપ્યો, ત્યારે એમ માનવામાં આવ્યું હતું કે, એ પ્રકરણ પર આખરી પડદો પડી ચુકયો છે. પણ એ નાટકના પ્રેક્ષકોની ભૂલ હતી. છેલ્લો પ્રવેશ બાકી હતો. બંગાળના ભોવાલ સંન્યાસીના નામે જાણીતા થયેલા જમીનદાર, મોજે કુમાર રાંમેન્દ્ર નારાયણ રોયનું મૃત્યુ કલકત્તામાં થયું, ત્યારેજ એ આખું નાટક પુરૂં થયું.

એ મુકદ્દમો શરૂ થયો ત્યારે લોકોમાં આશ્ચર્યની સનસનાટી ફેલાઇ ગઈ; આ વાત સાચી હશે ? આ શું સાચો હકદાર હશે ? કે કોઈ બનાવટી બદમાશ આ લાખોની મિલ્કત પર લલચાઇને આવ્યો છે ?

સગાં વહાલાંઓએ તેને ઓળખ્યો. બધાએ ઓળખ્યો અને એની પોતાની પત્ની જ વિરોધ કરે છે તેનું શું કારણ ? એક પછી એક સાક્ષીઓ આવ્યા, એક પછી એક સાક્ષીએ જુબાની આપી, અને એ ભોવાલ સન્યાસીનો મુકદ્દમો બળવાન થવા લાગ્યો.

આખરે નીચલી કોર્ટનો ચુકાદો બહાર પડયો. લોકોનું આશ્ચર્ય વધ્યું. પત્ની અને તેના ભાઇએ જબરદસ્ત સંકેત કરી કુમારનું મૃત્યુ નીપજાવ્યું. તેનો આખો ઇતિહાસ એ જુબાનીઓમાં અને ચુકાદામાં હતો.

હા, એ વાત સાચી હતી કે, રાજકુમાર નકામો હતો. એનું ખુન થયું, તે વખતે તેની ઉંમર વીસ વર્ષની હતી. પરંતુ તેણે એ ઉંમરમાં સૌને ત્રાહ પોકરાવી હતી. એ જાગીરની કોઇ છોકરી, એ રાજકુમારના પંજામાંથી છુટવી મુશ્કેલ હતી. એની સામે બળાત્કારના કેટલાય તહોમતો હતાં. વીસ વર્ષની ઉંમરે તેનું સીફીલીસનું દર્દ છેલ્લી દશામાં હતું. કોઇને આશા નહોતી કે, એ વધુમાં વધુ છ મહિના જીવે.

એની પંદરેક વર્ષની પત્ની હતી. તેના મનની તે વખતે શી સ્થિતિ હતી ? તે જાણવા મળતું નથી પણ એ વાત સાચી ઠરી છે કે, એ પત્ની વિભાવતી રાણીનો ભાઈ સત્યેન્દ્ર આ બનાવોનું મુખ્ય કારણ હતો.

એણે અને એના મિત્ર ડૉકટરે, રામેન્દ્રને અને એના કુટુંબને સલાહ આપી કે, રામેન્દ્રને હવાફેર માટે દાર્જીલીંગ લઈ જવો જોઇએ. એ મુસાફરીના ઉતારૂઓ હતા, ફક્ત રામેન્દ્ર વિભાવતી, સત્યેન્દ્ર અને એક નોકર, તેઓ દાર્જીલીંગ પહોંચ્યા અને થોડા દિવસ ત્યાંના દાક્તરોની દવા કરી. એક સાંજે તેઓ એકાએક મરી ગયા. સીવીલ સર્જનને મૃત્યુનું સર્ટીફીકેટ આપવા બોલાવ્યા. તેમણે મરણ પામેલા રામેન્દ્રને જોયા વિના સર્ટીફીકેટ લખી આપ્યું. અને બંગલાના માણસો અને બંગલાની પાસે આવેલી લાઇબ્રેરીમાંથી ચાર-પાંચ બંગાલીઓ, ડાઘુ બની તે રામેન્દ્રની ઠાઠડી લઇ સ્મશાનમાં ગયા.

અત્યારસુધી રાજકુમારના સાળા સત્યેન્દ્રની યોજના મુજબ સર્વ કાંઈ થતું આવતું હતું. પણ હવે કુદરતે તેમાં પોતાનો ભાગ ભજવ્યો અને સત્યેન્દ્રની યોજનામાં પહેલો વાંધો આવ્યો.

રામેન્દ્રના મૃતવત શરીરને ચિતા પર ગોઠવ્યું. ત્યાં એકાએક વાવાઝોડું થઈ આવ્યું. દાર્જીલીંગમાં આવાં વાવાઝોડાં સાધારણ છે. એ વાવાઝોડામાં એકાએક પવન ફુંકાય છે, બરફ પડે છે, ઝાડો પડી જાય છે, બહાર ઉભા રહેલા માણસોને પણ ઇજા થવાનો સંભવ રહે છે. આવું વાવાઝોડું શરૂ થતાં ડાઘુઓ ગભરાયા. રામેન્દ્રના શરીરને ચિતા પર જ રાખી, તેઓ આશ્રયની શોધમાં દુર ચાલી ગયા,

આવાં વાવાઝોડાં લાંબો સમય ચાલતાં નથી. અડધાએક કલાકમાં વાવાઝોડું ચાલી ગયું, અને ડાઘુઓ સ્મશાનમાં આવ્યા, અને તેમણે અચંબાથી જોયું કે, રામેન્દ્રનું શબ ચિતા પર ન હતું!

હવે શું કરવું? એ બધી યોજના પહેલેથી જ તૈયાર કરનાર સત્યેન્દ્ર પણ વિચારમાં પડયો. ડાઘુઓ પણ પોતાના ગભરાટ માટે શરમાયા. સત્યેન્દ્રે તેમની સામે પોતાની યોજના મુકી. હોસ્પીટલમાંથી રાતે કોઇક મરેલા દરદીને લઇ આવી, બીજે દિવસે સવારે ઠાઠમાઠથી સ્મશાનયાત્રા કાઢવી, સૌ કોઈ એ માટે તૈયાર થયા. ગુમ થયેલા રામેન્દ્રના શબને તેઓ સૌ ભૂલી ગયા. તેને શોધવું અશકય હતું. વાવાઝોડામાં પર્વતની ટોચ પર ખીણમાં પડીને કયાં ગયું હશે તે જાણવું મુશ્કેલ હતું.

સત્યેન્દ્રે તેની યોજના પ્રમાણે કોઈકનું શબ મેળવ્યું, આખા દાર્જીલીંગમાં કુમારના મૃત્યુની ખબર મોકલાવી. દાર્જીલીંગમાં તે વખતે સૌ કોઈ સજ્જનો એ સ્મશાનયાત્રામાં આવ્યા, અને એ અજાણી વ્યક્તિની ચંદનની ચિતામાં અંતિમ ક્રિયા કરવામાં આવી.

રામેન્દ્રના મૃત્યુથી કોઇને કંઈ આશ્ચર્ય થવા જેવું ન હોતું. દરેક જણ માનતું હતું કે, ટુંક વખતમાં મરનાર છે. સરકારને આ મૃત્યુની ખબર આપવામાં આવી. કારણ કે, રામેન્દ્રને પુત્ર ન હોતો, સરકારે એટલે કે, કોર્ટ ઓફ વોર્ડઝે, સત્યેન્દ્રને જ એ મિલ્કતનો વહીવટદાર બનાવ્યો. સત્યેન્દ્રની આખી યોજના જ એ હતી. રામેન્દ્રના સગાંવહાલાં જાગીરના મુખ્યગામ જયદેવપુરમાં રહેતા પણ સત્યેન્દ્રને ત્યાં રહેવું કેમ ગમે? મુનીમોને મહેસુલ ઉઘરાવવાનું કામ સોંપી, તે અને તેની બહેન વિભાવતી કલકત્તામાં રહેવા લાગ્યાં. તેમના જીવનમાં હવે કંઇ ચિંતા કે ફીકર ન હોતાં.

પણ કુદરતે, સુખે જંપવા ન દીધાં, રામેન્દ્રનું મૃતવત શરીર વાવાઝોડામાં ગુમ થયું ન હોતું પણ વાવાઝોડા દરમ્યાન એક નાગા બાવાનો સંઘ જતો હતો, તેને જોયું અને તેને શુશ્રુષા કરવા ચિતા પરથી ઉપાડી ગયા! સત્યેન્દ્રને સારે નશીબે, તેને અપાયેલાં ઝેરને કારણે કે, વાવાઝોડાની કોઇ ચોટને કારણે રામેન્દ્રે એની સ્મરણ શક્તિ ગુમાવી દીધી. તેને યાદ ન આવ્યું કે, તે કોણ હતો, કયાંનો હતો તેના કોઇ સગાવહાલાં છે કે નહિ. નાગા બાવાના સંઘમાં તેની કાંઈ જરૂર પણ ન હોતી. એનું નામ હરનામ નાગા રાખવામાં આવ્યું.

એ બાવાઓના સંઘમાં મુખ્ય અધિષ્ટાતા ધર્મદાસે એની શુશ્રુષા કરી, એનું જીવન એને પાછું બક્ષ્યું. એના સીફીલીસ જેવા રોગનું પણ નામ નિશાન ન રહ્યું. રહ્યાં ફક્ત એ રોગને લીધે થયેલાં શરીર પર ગુમડાનાં ધાબાં.

ધર્મદાસના સંઘમાં રહી તે પણ થોડું વૈદું શીખ્યો અને ધર્મદાસે તેને આજ્ઞા આપી, 'સંસારમાં જા અને માનવ સેવામા તારૂં જીવન ગુજાર!'

એક વખતનો અનીતિમાન યુવક કે જેની નજરથી યુવતિઓ દુર રહેતી. જે યુવાનને એ અનીતિને કારણે ગંભીર રોગો થયા હતા. જે યુવક બધે જ અળખામણો થયો હતો, તે યુવકે સત્સંગથી માનવ સેવાની કપરી કારકીર્દિ શરૂ કરી.

તે હિંદુસ્તાન ભરમાં ફર્યો, જ્યાં બની શકે ત્યાં મદદ કરતો, ઔષધિ આપતો. ફરતાં ફરતાં એ ઢાકામાં આવ્યો. તેની જાગીર ઢાકા (બંગાલ) ની પાસેજ આવી હતી. તે પાદરે પોતાની ધુણી ધખાવી બેઠો હતો. હરિકીર્તન કરતો હતો, લોકસમુદાય તે સાંભળતો હતો. ત્યાં એક સ્ત્રીએ તેને ઓળખ્યો. તે

સ્ત્રી બીજી કોઇ નહીં પણ રામેન્દ્રની મોટી બહેન જયોતિર્મયી.

તેણે એનાં સગાવહાલાંઓને વાત કરી. તેઓએ પણ ત્યાં આવી રામેન્દ્રને ઓળખ્યો પણ રામેન્દ્ર તો એકજ જવાબ આપતો, "મારે તમારે કૈં સંબંધ નથી, હું સન્યાસી છું."

પણ ધીરેધીરે તેની સ્મરણ શક્તિ આવવા માંડી તેને ભોવાલના જાગીરના ગામ જયદેવપુરમાં લઇ જવામાં આવ્યો ત્યાં બધાએ તેને ઓળખ્યો. યુવાન અને વૃદ્ધ સૌએ તેને જોયો. સર્વની ખાત્રી થઇ કે, તેજ મરણ પામેલો કુમાર રામેન્દ્ર નારાયણ છે.

એ સૌએ તેને વિનંતી કરી કે, જયદેવપુર આવી તેની જાગીર સંભાળી લે પણ એ સહેલાઇથી થઇ શકે તેમ ન હોતું. એક મરણ પામેલા માણસને જીવતો મનાવવા માટે કાયદાની કોર્ટે તેમ કહેવું જોઇએ. અધુરામાં પુરૂં તેની પત્ની, અને તેના ભાઇ સત્યેન્દ્રે કહ્યું કે, "આ રામેન્દ્ર નથી. રામેન્દ્રને તો વર્ષો પહેલાં દાર્જીલીંગમાં અગ્નિદાહ દેવામાં આવ્યો છે. આ કોઈ બનાવટી બાવો છે!"

કેસ શરૂ થયો હજારો સાક્ષીઓએ જુબાની આપી, કેટલાક સાક્ષીઓ મરણ પામ્યા હતા. સીવીલ સર્જન ડોકટર, કે જેણે સર્ટીફીકેટ આપ્યું હતું તે રીટાયર્ડ થઈ ઈંગ્લાંડ ગયો હતો, અને તેણે હિંદમાં સાક્ષી આપવા આવવા ના પાડી. આથી તેની તપાસ માટે કાયદાનું કમીશન ઈંગ્લાંડ પણ ગયું.

આખરે ૭ વર્ષે કોર્ટે ચુકાદો આપ્યો કે, આ હરનામ બાવો, રામેન્દ્ર જ છે- એ દરમ્યાન ન્યાયાધિશને ઉંમર પુરી થતી હોવાથી પેન્શન ઉપર જવાનું હતું પણ તેની મુદત ત્રણ વર્ષની વધુ લંબાઇ. સાત હજાર સાક્ષીઓની જુબાની લેવાઇ, એ કોર્ટની જુબાનીઓ અને ચુકાદા માટે કુલ અઠ્ઠાવીસહજાર ફુલ્સકેપ કાગળો વાપરવામાં આવ્યા. તેના સાળા સત્યેન્દ્રે આ ચુકાદા સામે હાઇકોર્ટમાં અપીલ કરી, અપીલમાં એ હારી ગયો અને ફુલબેન્ચ સામે અપીલ કરી. અપીલમાં એ હારી ગયો અને ફરી ફુલબેન્ચ સામે અપીલ કરી તે બેન્ચમાં ત્રણ જજ્જ હતા. બેંચે ચુકાદો રામેન્દ્રની તરફેણમાં આપ્યો. જજ્જ લોર્જે તેમાં વિરોધ કર્યો અને વિરોધનું લખાણ લખી ઈંગ્લાંડ ચાલી ગયો. વધુમતે ચુકાદો રામેન્દ્રની તરફેણમાં આવ્યો. લોકોમાં એમ પણ વાત ચાલી કે, સત્યેન્દ્રે એ ન્યાયાધિશને લાંચ આપવાના ઘણા પ્રયત્નો કર્યા હતા અને જસ્ટીસ લોર્જને તે લાંચ આપવામાં સફળ થયો હતો. આથીજ તેણે વિરૂદ્ધ ચુકાદો આપ્યો. જેથી કાંઈ નહીં તો પ્રીવીકાઉન્સીલમાં અપીલ કરવાની તક મળી.

પ્રીવીકાઉન્સીલનો ચુકાદો આવ્યા પછી બીજેજ અઠવાડિએ જ રાજકુમાર રામેન્દ્ર કલકત્તામાં મૃત્યુ પામ્યો. પોતાની એ જાગીર ભોગવવાને માટે રામેન્દ્ર નારાયણ રોમને લાંબુ જીવન ન મળ્યું, આથી આ વિચિત્ર અને આશ્ચર્યભરી ઘટનાનો આમ અંત આવી ગયો. ભાગ્ય ત્હારી બલીહારી!

[ અનુસંધાન પાનું ૨૧૩ ]

મુંબઇ કે કલકત્તા જેવા શહેરોમાં ફાટી નીકળતાં હુલ્લડો અને ગુંડાઓની કત્લેઆમ વચ્ચે પણ મૃત્યુના ભય વિનાનો નિર્ભયઆત્મા હિંમતપૂર્વક પડકાર પાડી, અનેક નામર્દોમાં પૌરૂષત્વનું પાણી પાઇ, મરજીવા બનવાની કલા જરૂર શીખવી જશે; કારણકે મૃત્યુને તે જીતી શકયો છે.

સ્વરક્ષણની તાલીમ મેળવવા મથનારા સહુ કોઇએ આ એકજ નિર્ભયતાનો,-મૃત્યુની સામે બાથ ભીડવાનો જીવનમંત્ર શીખી લેવો, આજના કાળમાં જરૂરી છે, તે એજ કે, જે આપણા મહાનપુરૂષોએ આપણને શીખવ્યો છે; '**मृत्योर्बिभेषि किं मूढ !**' રે મૂઢ! ઉઠ, જાગ!

મૃત્યુથી શા માટે ડરે છે? જીવવાની ઘેલછાને ખંખેરી મૃત્યુ પર વિજય મેળવવા તૈયાર થા!

## જિનશાસનની ઉત્તમ પ્રકારે આરાધના કરનારની અસમાધિ દૂર ભાગે છે.

# અસમાધિનું દુઃખ:

**પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

આજે દુન્યવી દૃષ્ટિએ, પૌદ્ગલિક સાધનોની અપેક્ષાએ સુખી કેટલા? નહિ જેવા. દુઃખી કેટલા? લગભગ બધા. આપણી આંખ સામે ઘણા દુઃખી છે અને ઘણા દુઃખી થાય છે; જન્મથી જ ઘણા દુઃખી હોય તે અને સુખી હોય તે પણ દુઃખી થાય છે. એમ શાથી બને છે? આવા પ્રશ્નના ઉત્તરમાં કહેવું જ પડશે કે–પૂર્વે તેટલો ધર્મ ઓછો કરેલો અને પૂર્વે તેવાં પાપ કરેલાં. દરેકના અનુભવમાં આવી શકે એવી આ વાત છે. તમને લાગે છે ને કે–એ આત્માઓને પાપ કરવામાં અને ધર્મ બરાબર નહિ કરવામાં ભૂલ કરેલી? હવે વિચાર કરો કે–એ ભૂલ્યા તેમ આપણા હાથે ભૂલ થાય તો? આપણે સમજી લેવું જોઇએ કે–એ લોકો જેમ હીન કહેવાય છે, તિરસ્કારને પામે છે, સાધનો માટે યાચનાઓ કરતા ફરે છે, દુઃખ અનુભવે છે, તેવી આપણી પણ દશા થાય. આપણે પણ પાપમાં રક્ત રહીએ અને ધર્મ ન કરીએ, તો પૂર્વના પાપીની જેવી દુર્દશા આજે છે તેવી દુર્દશા આપણી પણ ભવિષ્યમાં થાય. પુણ્યના યોગે ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થઈ ગઇ છે. એ સામગ્રીનો સદુપયોગ કરીને તમે પાપથી બચી શકો તેમ છો અને ધર્મની આરાધના કરી શકો તેમ છો. જે સામગ્રીને પામીને શ્રી જિનશાસનની ઉત્તમ પ્રકારે આરાધના કરી શકાય, તે સામગ્રી પામ્યા પછીથી પણ પાપથી પાછા હઠવાની ભાવના ન જાગે, ધર્મ પ્રત્યે રૂચિ ન પ્રગટે, શાસનની યથાશક્ય આરાધના ન કરાય અને જીવન ધર્મહીન દશામાં–પાપમાં પુરૂં થઇ જાય, તો એવી કાર્યવાહીને, કોઇ પણ ડાહ્યો માણસ, બુદ્ધિમાનની કાર્યવાહી નહિ કહે. શ્રી જિનશાસનને આરાધવાની આવી ઉત્તમ સામગ્રી પામ્યા પછી તો, દરેક જૈને પોતાના જીવનને એવું બનાવી દેવું જોઇએ કે–દૂશ્મનને પણ કહેવું પડે કે– ભલે, મને એના પ્રત્યે દુશ્મનાવટ છે, પરન્તુ એનું જીવન, એના આચાર–વિચાર, એની પ્રમાણિકતા, એની રીત ભાત, એની ખાનપાનની મર્યાદા, એ વિગેરે ઘણું જ ઉત્તમ છે. એ જીવન અનુકરણ કરવા યોગ્ય છે, એમ વિરોધિને પણ કહેવું પડે. આપણો આત્મા પણ કબૂલ કરે કે–મરણ વહેલું આવે કે મોડું આવે, પણ મેં મારૂં જીવન એવી રીતિએ ગાળ્યું છે, હું એવી રીતિએ જીવ્યો છું, મેં એવા આચાર–વિચાર કર્યા છે કે–મને મરણ આજે આવે તો પણ ઉપાધિ કે ચિન્તા થાય તેમ નથી. વિચાર કરો કે–કયા પ્રકારનું જીવન જીવ્યા હોઇએ તો આપણો આત્મા એ પ્રમાણે કબુલ કરે? આજે લગભગ બધાને મરણનો ભય છે, એનું કારણ શું? મરણનો ભય છે એનું એ પણ એક કારણ છે કે–પછી શું થશે તેની ખાત્રી નથીઃ કેવી ગતિ મળશે તેનો સન્દેહ છે! મરણ પછી ઉત્તમ સામગ્રી મળવાની છે. એટલું જો બરાબર નક્કી થઈ જાય તો ભીતિ શાની? આ તો વાત એ છે કે–આ બધું અહીં રહી જશે, કયાં જશું તેની ગમ નથી, દુઃખ ગમતું નથી અને કાર્યવાહી જોતાં દુઃખ મળશે એમ લાગે છે, એટલે દુઃખ નજદિક આવે એનો ભય લાગે છે. જો સુખ મળવાનું નક્કી હોય, તો મરણનો ભય લાગત નહિ.

મરણનો ભય લાગે ને મરણથી ડરતા રહો, છતાં મરણ વહેલું કે મોડું આવવાનું એ નક્કી વાત છે. જ્યારે મરણ આવશે ત્યારે શું કરશો?

આપણે સૌ શ્રી જિનેશ્વરદેવની પાસે અનેક માગણીઓ સાથે રોજ સમાધિમરણની પણ માગણી કરીએ છીએ. જો એ સમાધિમરણ મેળવવું હોય, તો શું કરવું જોઇએ? જીવનને પ્રભુમાર્ગની આરાધનામાં જોડી દેવું જોઇએ. આરાધનામાં જો જીંદગી ખતમ થાય તો એ મુંઝવણ નહિ થાય કે–થશે શું? મરણનો ભય ટાળવાનો આ જ એક ઉત્તમ ઉપાય છે. સાચા આરાધકને મરણનો ભય હોય પણ શાનો? એ જાણીજોઇને મરે નહિ, પણ મરણ આવે તો એથી મુંઝાય પણ નહિ: કારણ કે–કરવાજોગી આરાધના કરી છે અને એથી સારી સામગ્રીવાળા સ્થળે જવાની હૈયામાં ખાત્રી થઈ છે. પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાએ, એક પ્રસંગે પોતાના મંત્રીવર શ્રી ઉદાયનને એજ કહ્યું હતું કે–"**मरणात्पापी बिभेति न पुण्यवान्**" ધર્મ ખાતર મરવા સજ્જ થયા છે. એ અવસરે મંત્રી પશુબલિ આપીને પણ જીવનની રક્ષા કરવાનું કહે છે. એ વખતે એમ કહેવું કે– 'પાપી હોય તે મરણથી ડરે, પણ પુણ્યવાન મરણથી ડરે નહિ'–એ સામાન્ય વાત છે? એમ ક્યારે બોલાય? પોતે ભયંકર પાપ કર્યું નથી, શક્તિ મુજબ ધર્મની આરાધના કરી છે, માટે મરણ થાય તો પણ નુકશાન નથી, એવી ખાત્રી હોય તો! મહારાજા કુમારપાળને એવી ખાત્રી હતી. આપણને છે? એમણે તો એવું પણ કહ્યું છે કે–શ્રી જિનેશ્વરદેવની મેં આરાધના કરી છે, શ્રી હેમચન્દ્રસૂરિ જેવા ગુરૂની મેં સેવા કરી છે અને શ્રી જિનેશ્વર દેવોએ ઉપદેશેલા દયાધર્મની મેં ઉપાસના કરી છે, પછી મારે ન્યૂન શું છે? આ ઉદ્‌ગાર નીકળવા, મરણાન્ત ઉપસર્ગ પ્રસંગે પણ ધર્મમાં મક્કમતા કાયમ રહેવી, વ્રતપાલન ખાતર મરવાને માટે તૈયાર થઇ જવું અને જીવવાની સલાહ આપનાર મંત્રીવરને કહી દેવું કે–'પાપી હોય તે મરણથી ડરે પણ પુણ્યવાન મરણથી ડરે નહિ.'–એ ક્યારે બને? જીવન ઉત્તમ રીતિએ જીવ્યા હોઇએ તો! એ ક્યારે બને? પાપથી દુ:ખ અને ધર્મથી સુખ, એવા જ્ઞાનિઓના સર્વસ્વીકાર્ય વચન ઉપર દૃઢ વિશ્વાસ થાય તો! ઉત્તમ પ્રકારે જીવનને જીવનારાઓ તો એવા પ્રસંગે જરૂર કહી શકે છે કે–અમે મરણથી ડરતા નથી. મરણનો ભય અમને મુંઝવતો નથી. અમને તો મરીએ તો પણ મઝા છે. જીવન યથાશક્ય આરાધનામાં વ્યતિત કરનારા આત્માઓ આનંદપૂર્વક એમ કહી શકે છે કે– અમે મરતા નથી, પણ વધુ આરાધના કરવાની સામગ્રીવાળી દશાએ પહોંચવાની મુસાફરીનું પ્રયાણ કરીએ છીએ. અમે અહીં જેટલી આરાધના કરી એથી મોક્ષ ન મળ્યો, પણ અમારી આ આરાધનાના યોગે અમે જ્યાં જશું ત્યાં પણ મોક્ષમાર્ગની આરાધનામાં વધારે સહાયક સામગ્રી મળશે. અમારૂં મરણ, એ તો વધુ આરાધના માટેનું અમારા આત્માનું પ્રયાણ છે, એટલે અમને મરણની ભીતિ નથી. જેને આવો વિશ્વાસ હોય તેને મરણ વખતે પણ આનંદ જ હોય: અસમાધિ ન હોય, પણ સમાધિ હોય. બાકી મરણની પીડા કાંઈ સામાન્ય નથી. શાસ્ત્રકાર પરમર્ષિઓએ એ વખતની ભયંકર પીડાનું વર્ણન પણ કર્યું છે- એ પીડા સાથે મોહ, મમતા, માયા, મારાપણું, એ વિગેરે જો હૈયાની ઉપર સ્વાર થઈ જાય તો સમાધિ ભાગી જાય: માટે જીવન એવું જીવવું જોઇએ કે–અંતિમ અવસ્થામાં પણ સમાધિ ટકી રહે. જીવન એવું બનાવી દેવું જોઈએ કે–પાપ આંખો ફાડીને ઉભું ન રહે. એવો આદમી,

# પંડિત સુખલાલજીના "વ્હેમ મુક્તિ"ના લેખનું સવિસ્તર ખંડન

**—શ્રી જિનભક્ત**

જૈન સમાજમાં ચાલતાં અનેક છાપાઓમાં 'જૈન' નામનું એક પત્ર ચાલે છે. જેના પર્યુષણપર્વના તાજેતરના શ્રાવણ વદી ૧૧ ને શુક્રવારના અંકમાં પંડિત સુખલાલજીએ 'વ્હેમ મુક્તિ' એ મથાળા નીચે એક લેખ લખ્યો છે. જે લેખમાં પંડિતજીએ જૈનશાસનના શણગાર, ચૌદપૂર્વના જાણકાર અને ભગવાન શાસનના પરમ ઉપાસક એવા ભદ્રબાહુ સ્વામી મહારાજની આડકતરી રીતે કારમી હાંસી અને મશ્કરી કરી છે અને એમ ધ્વનિત કર્યું છે કે, પૂ. ભદ્રબાહુ સ્વામીજી, પૂ. હેમચંદ્રસૂરિજી મ. વિગેરે મહાસમર્થ જૈનાચાર્યોનાં, પૂર્વનાં પ્રભુજીવનને અંગેનાં લખાણો જે કોઇ જૈન માને છે તે મહા-વ્હેમી અને વેવલો છે. જ્યારે પોતાની વાત જે માને તેજ સાચો વ્હેમથી મુકાએલો છે. ટુંકમાં આખા લેખમાં લેખકની લેખીની જડવાદને અનુસરતી માલુમ પડે છે અને અન્ય ચૈતન્યવાદના ચણતરના ભુકકે ભુક્કા કરનારી છે. જેનું સવિસ્તર ખંડન અહિં આપણે વિચારીએ. પંડિતજી શરૂઆતમાં લખે છે કે, "ધર્મપર્વનો સીધો અને સરળ અર્થ એટલો જ છે કે, જે પર્વમાં ધર્મની સાચી સમજણદ્વારા, હોઇએ તે કરતાં કાંઇક સારી અને ચઢીઆતી ભૂમિકા પ્રાપ્ત કરવી."

પંડિતજીની આ વાતનો ઉપલક દૃષ્ટિએ કોઈ ઈન્કાર કરે નહિ; પણ હાલમાં જૈનસમાજમાં પર્યુષણ પર્વમાં જે ભાગ્યશાળીઓ માસક્ષમણ, સોળ, અઠ્ઠાઈ કે અઠ્ઠમ વિગેરે પ્રભાવક તપશ્ચર્યાઓ કરે છે તે પંડિતજીની દૃષ્ટિએ, નથી તો પર્વની સાચી ઉજવણી કે નથી તો પર્વમાં થતો આત્માનો સાચો વિકાસ. જો પંડિતજી એને અંશે પણ સાચી ઉજવણી કે આત્મવિકાસ માનતા હોત તો તેમના આખા લેખમાં કોઇપણ ઠેકાણે ઉપરોક્ત તપસ્વી મહાત્માઓની અનુમોદના પણ હોત.

વિશેષમાં, પર્વમાં આજે જે અનુકંપાદાનનો પ્રવાહ વહી રહ્યો છે તેમજ હજારો ભાવીકો દ્વારાએ આઠે દિવસ બજારનો તેમજ સંસારના તમામ વ્યવહારનો ત્યાગ થઈ રહ્યો છે, કે જે પર્યુષણ પર્વમાં એક ઉંચામાં ઉંચી કોટીનું શુભ તત્ત્વ છે. તેની પણ પ્રશંસા પંડિતજીએ પોતાના આખા લેખમાં કોઇ પણ ઠેકાણે દર્શાવી નથી. ધ્યાનમાં રાખવું જોઇએ કે, જે વસ્તુની ટીકામાં આપણે ઉતરતા હોઇએ તે વસ્તુમાં સર્વ અંશ અશુભ જ હોય એવું એકાન્તે પ્રાયઃ હોતું નથી. એટલે કે, એમાં શુભ તત્ત્વ પણ હોઇ શકે છે. શુભાશુભ તત્ત્વમાં પોતાનું માનેલું અશુભ જ ગાયા કરવું અને શુભનો ઉલ્લેખ સર્વથા છોડી દેવો એ કોઈ પણ સજ્જનને શોભાસ્પદ નથી.

મને સમજણ પડતી નથી કે, પંડિતજીની દૃષ્ટિએ સાચી સમજણ કે સાચો આત્મવિકાસ કોને કહેવાતો હશે? શું પંડિતજી સાચો આત્મવિકાસ જૈનશાસનથી અનભિજ્ઞ એવા જૈનેતર પંડિતોના યથેચ્છ ભાષણો કરાવવા દ્વારાએ માને છે? શું પંડિતજી આઠે દહાડા ગમે તે ખાવાથી કે ગમે તે પીવાથી સાચો આત્મવિકાસ માને છે? કે શું પંડિતજી શંભુ મેળો ભેગો કરી આત્મલક્ષ્યથી

---

**એને કોઇ મરણના ભયથી ડરાવવા માગે તોય ડરે નહિ. એ તો કહે કે—મેં સૌ કોઇનું ભલું વાંછ્યું છે, કોઈનું પણ ભૂંડું મેં વાંચ્છયું નથી; કોઈના ખુરામાં હું ઉભો રહ્યો નથી અને કોઈનું ભલું કરવાની તકને મેં જતી કરી નથી; મારાથી બન્યો તેટલો મેં ધર્મ કર્યો છે, પણ તેવું પાપ મેં કર્યું નથી, કે જે મને દુર્ગતિમાં ઘસડી જાય! મેં સૌને ક્ષમા આપી છે અને સૌની ક્ષમા મેં માગી લીધી છે! આવી ખમવા–ખમાવવાની ભાવના હોય, આવા વિચાર હોય, આવી દશા હોય તો અસમાધિ દૂર જ ભાગતી ફરે.**

વિનિર્મુખ એવાં રાષ્ટ્રિય ભભકદાર ભાષણો કરવાથી સાચો આત્મવિકાસ માને છે અને એજ રીતે જો સાચો આત્મવિકાસ માનતા હોય તો તે વિકાસ કે તે કહેવાતી ઉચ્ચ આત્મભૂમિકા તેમને જ મુબારક હો ! અમે તો ત્રણલોકના નાથ એવા તીર્થંકર દેવ પાસે પુન; પુનઃ પ્રાર્થના કરીએ છીએ કે, હે પ્રભો ! એવો મનસ્વકંત આત્મવિકાસ અમને કોઇ ભવમાં પણ ન મળો.

અમારી ઉપરોક્ત વાતને પંડિતજી અને તેમના બીજા કેટલાએક ગોઠીઆઓ તરફથી ગોઠવાતી વ્યાખ્યાનમાળાઓ સાક્ષિ પુરે છે. એ વ્યાખ્યાનમાળામાં મારે નિષ્પક્ષપાતપણે કહેવું જોઇએ કે, ભાષણો કરનારા મોટે ભાગે ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયના વિવેક વગરના છે. અર્થાત્ એમને જૈનદર્શનની દષ્ટિએ જે અભક્ષ્ય ,અને અપેય ( નહિ પીવા લાયક ) વસ્તુઓ છે તે પણ રીતસર ખપે છે. કેટલાક તો તે તે વસ્તુઓને અભક્ષ્ય કે અપેય તરીકેની શ્રદ્ધા પણ ધરાવતા નથી. વિશેષમાં, ભાષણ કરનારી વ્યક્તિઓમાં કેટલીક વ્યક્તિઓ પર્યુષણના આઠ દિવસ પુરતું બ્રહ્મચર્ય પાળતા હશે કે કેમ ? તે તો જ્ઞાની મહારાજ જ જાણે. ખરેખર આવી આચારહીન વ્યક્તિઓ જગતને ગમે તેટલું સમજાવે તોપણ તે વ્યક્તિઓ નથી તો પોતાનું કલ્યાણ કરી શકતી કે નથી તો પોતાના પરિચયમાં આવનારા એવા આત્માઓનું પણ કલ્યાણ કરી શકતી. ઈતરોમાં ઠીક જ કહ્યું છે કે, **आचार हीनं न पुनन्ति वेदाः**

આથી કોઇએ એમ માની લેવું નહિ કે, અમે માત્ર બાહ્યાચારનેજ ધર્મ માનીએ છીએ, અને આત્માની અંતર્મુખ થવા નિષેધ કરીએ છીએ; પણ એટલી વાત તો ચોક્કસ જ છે કે, બીમારી આદિ આકસ્મિક કારણે બાહ્યાચારને કોઈ ન પણ પાળી શકે, એ જુદી વાત. બાકી તો અંતર્મુખ થવા માટે અથવા તો અંતરની ઉચ્ચવૃત્તિઓને ટકાવવા માટે બાહ્યાચારની ઘણીઘણી આવશ્યક્તા છે; અને એ વાત પણ ચોક્કસ છે કે, બાહ્ય એવા સદાચારની પ્રવૃત્તિમાં, જે લોકો ઈરાદાપૂર્વક શિથીલ બન્યા છે, તે લોકો સાચી સમજણ કે આત્માની ઉચ્ચ ભૂમિકાની ગમે તેટલી બાંગો પોકારે તોપણ ત્રણ કાળમાં તેમને આત્માની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત થવાની નથી.

જેને પર્યુષણની વ્યાખ્યાનમાળાને નામે અણાહારી પદની વાતો કરવી છે. તે આત્માઓ તેટલા દિવસ પુરતાં પણ રાત્રીમાં ભક્ત પાનને ન છોડી શકે કે ન છોડવા જેવાં માને. તે પોતાનું કે, સમાજનું શું આત્મકલ્યાણ કરવાના છે. શું આઠે દિવસ પાનનાં બીડાં ચાવવાથી, સીગરેટના ધુમાડા કાઢવાથી કે આઠે દહાડા ધંધાધાપો ચાલુ રાખવાથી મોક્ષ મળી જશે ? શું વકીલાત કે સોલીસીટરપણામાં સાચાં જુઠાં કરી પરીગ્રહના થર જમાવી, એકાદ બે પર્યુષણની વ્યાખ્યાનમાળામાં ભાષણ કરવાથી મોક્ષ મળી જશે ? કહો કે, આમાં તો આત્માનું ભયંકરમાં ભયંકર અધઃપતન છે. પંડિતજીને સાચો આત્મવિકાસ સમાજમાં જગાડવાની ભાવના હોય તો તેમના ભાષણ કરનારા ગોઠીઆઓને કે સાંભળનારા શ્રોતાઓને આવું આવું કાંઇક કહેવાની જરૂર પડશે. પણ નહિ, નહિ, તે વાતનો બિલકુલ જ ઉલ્લેખ નહિ. ઉલ્લેખ માત્ર ચૌદ પૂર્વના જાણકાર પરમ માનનીય એવા ભદ્રબાહુ સ્વામીજી મહારાજની વાતને ખોટી પાડવાનો ઉલ્લેખ માત્ર. જૈન જૈનેતર ઉભય જગતમાં પંકાએલા એવા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજની વાતને ખોટી પાડવાનો, રે દુષ્ટ મિથ્યાત્વ તેં કોને કોને નથી રીબાવ્યા ? જમાલી અને ગોષ્ઠામાહિલ જેવા સમર્થો તારાથી રીબાય તો પછી આવા લેખકોની શું દશા ? [ચાલુ]

---

**આગામી અંકે:—**

| | |
|---|---|
| બે રાજકુમારો, | પોકળ વાતો, |
| જિજ્ઞાસુઓના પ્રશ્નો | જ્ઞાનગોચરી |
| આત્મધર્મની— | હળવી કલમે |

ચાર ફર્મા આપવાનો નિયમ હોવા છતાં આ વખતે સાડા ચાર ફૈર્મા આપ્યા છે છતાં લેખો રહી જવા પામ્યા છે, તો તે તે લેખકોની ક્ષમા યાચીએ છીએ. **સં.**

# વિશ્વવિજેતા સંપ્રતિ

**શ્રી પન્નાલાલ જ. મસાલીઆ. રાધનપુર.**

એલ્બુર્ઝના હિમાદ્રિ કુટોપર ભગવાન સહસ્ત્રરશ્મિના સુવર્ણ કિરણો ઝડપથી પથરાતાં જતાં હતાં. દૂર વેગભર વહેતી યુફ્રેટિસ નદીનાં રૂપેરી જળ-સિંધુ મધુર ગૂંજન કરતાં વહી રહ્યાં હતાં. શિતળ પવનની મંદમંદ લ્હેરીઓ આવી રહી હતી. ત્યારે પારસ દેશના એક વિશાળ મેદાનમાં જાણે માનવ-મહાસાગર હેલે ચઢયો હતો.

શરણાઇના નાદથી રણમત્ત સૈનિકો યુદ્ધનો રંગ જમાવવા ઉન્મત્ત બની ખેલી રહ્યા હતા. રણ-શિંગાના અવાજથી ભારતીય વીરોનો ઉત્સાહ પ્રચંડગતિએ વધી રહ્યો હતો, હજારો યુવાનો કાળ દંડ જેવાં ધનુષથી નીશાન સાંધી રહ્યા હતા, કેટલાક યમની જિવ્હા જેવી તલવાર ફેરવી શત્રુઓનું પ્રાણરૂધિર પીવા તત્પર બની રહ્યા હતા, કોઈ પરશુ ફેરવી રહયા હતા, તો કોઇ સંગ્રામની સાહસભરી શૌર્યકથા કહી સૈનિકોનાં સાહસને ઉત્તેજી રહયા હતા. સુભટોના અવાજથી અને અશ્વોના હણહણાટથી એલ્બુર્ઝની પર્વતમાળાઓ પડઘા પાડી ગાજી રહી હતી.

વિશાળ મેદાનમાં એક ભવ્ય શમિયાણો છે. અંદર મેઘધનુષના રંગવાળા ઇરાની ગાલિચા બીછાવેલા છે, ઉપર સપ્તરંગી કુલ–વેલો ઉપજાવેલી છે, સુંદર કમાનો વાળેલી છે. દિવાલો ઉપર ભારતના આરાધ્ય દેવો ભગવાન મહાવીર, ગૌતમ, સુધર્મા અને જંબૂસ્વામીનાં તેમજ મૌર્યવંશના કુલમણિ ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોક અને કુણાલનાં સુંદર કલાત્મક ચિત્ર શિલ્પો આલેખેલાં છે. જમણી બાજુ સુવર્ણનું રત્નજડિત રાજ–સિંહાસન ગોઠવ્યું છે. સ્હેજ કોલાહલ થતો લાગે છે, બધા ઝડપથી ઉભા થઈ જાય છે. 'મહારાજા સંપ્રતિની જય' નો બુલંદ અવાજ ગાજી રહે છે. મહારાજાની ઉંચી, ભવ્ય, નિશ્ચલ અને લોખંડના જેવી કદાવર દેહયષ્ટિ સૈનિકોની બે સમાંતર હાર વચ્ચેથી આગળ વધે છે. મસ્તકે હીરાજડિત રાજમુગુટ અને હાથમાં રત્નજડિત સુવર્ણદંડ ચળકી રહ્યો છે. કમ્મરે કાળની જિવ્હા જેવી ચમકતી શમશેર લટકી રહી છે.

ભારતનો એ નર શાર્દૂલ, યવન પ્રજાનો એ કાળ પિતૃભક્ત કુણાલ અને દેવી કાંચનબાલાનો એ બાલ, ભારત ભૂપાલ અશોકનો એ વારસ, ભૂજાબલે ભારત-સમ્રાટ બને છે. ( ઇ. પૂ. ૨૨૩. ) યવનોનાં સતત આક્રમણોથી ગુસ્સે થઇ એણે ખૈબરથી આગળ વધી યવનોને નસીહત આપવા યોગ્ય ધાર્યું

સેનાપતિઃ [ નમન કરી ] 'પધારો દેવ !'

[ મહારાજા સંપ્રતિ રત્નજડિત સિંહાસન પર વિરાજે છે. ]

સંપ્રતિઃ–દઢ નિશ્ચયિ સૈનિકો ! આપણે શા સારૂ અહીં એકત્રિત થયા છીએ એ કહેવાની ભાગ્યે જ જરૂર હશે ! જુલ્મગાર યવનસત્તાઓનું બલ–દલન કરવા આપણે કૃતનિશ્ચયિ બન્યા છીએ, તમારી તાકાત ભરી ભૂજા, ભારતનો સુવર્ણ–ઇતિહાસ રચી રહી છે. તમારા દુર્ધર્ષ્ય સામર્થ્યથી બહાદૂર ગ્રીક સરદારો પણ ભારતભૂમિને છેલ્લી સલામ ભરી ભાગી રહ્યા છે. યવન સેનામાં પડેલું ભંગાણ તમારી અવિશ્રાંત જવાંમર્દીની ગવાહી પુરે છે. ઋષિવૃંદોના દુઃખી દેશની સુશ્રુષા કરવાની તમારી પવિત્ર ફરજ છે. ભારતના સુષુપ્ત હૈયાએ હવે જાગૃત બની મા ભારતીનાં ચીર ઉતારતા યવન દુઃશાસનોને સત્વર અટકાવવા જોઇએ છે. એમની અશકય અભિલાષાઓની પરંપરાને થંભાવી દેવી જોઇએ છે.

વ્હાલા સૈનિકો, દેશદાઝથી જલતા તમારા હૃદય સિવાય મને બીજા કશાની જરૂર નથી. સંધિની વાત હવે વિસરી જશો 'જીત કે મોત' એ ગુરૂસુત્રને હૈયે ધરી સંગ્રામની મંગળ કેડીએ પગલાં ધરજો. યવન દેશની રણભૂમિને યુદ્ધતીર્થ બનાવી ભારતને થએલો અન્યાય સદાને માટે ભુંસી નાખશો. ' બોલો શાસન દેવની જય ! '

[ શાસનદેવની જયથી દિશાઓ ગર્જી ઉઠે છે. ]

સેનાપતિ : ' મહારાજા ! મગધરાજના સૈનિકો પોતાનો ધર્મ બરાબર જાણે છે. '

સંપ્રતિ : ' સેનાપતિ ! તમારી યુદ્ધ વ્યવસ્થા

બહુ પ્રશંસનિય છે. આવતી કાલ સુધી આક્રમક ટુકડીઓએ પારસદેશની સેનાને પરાસ્ત કરી, પછીથી જેમ બને તેમ જલદીથી યુફ્રેટિસ પાર કરી ગ્રીકોને સખ્ત શિકસ્ત આપવાની છે.'

સેનાપતિ. ( બે હાથ જોડી ) 'જેવી આપની આજ્ઞા !'

પ્રતિહારી : ( નીચો નમી ) 'દેવ, ગ્રીક સરદાર આપને મલવા માંગે છે !'

સંપ્રતિ : 'ભલે આવે !'

[ ગ્રીક સરદાર હાજર થાય છે. ]

ગ્રીક સરદાર ! ( સ્હેજનમી ) 'ભારતવર્ષના નિર્ભિક સમ્રાટ ! આપની સામે ફરિયાદ છે. ખૈબરને માર્ગે આગળ વધી આપે પારસદેશનો કેટલોક પ્રદેશ જીતી લીધો છે. આપની આગેકૂચથી યવન-દેશના બીજા દેશોની જેમ અમારો મહાન ગ્રીસ દેશ પણ ભારે ચિંતાની લાગણી અનુભવી રહ્યો છે. રાજન ! ચક્રવર્તિ થવાની લિપ્સા આપને સતાવી રહી છે પણ........'

સંપ્રતિ : ( વચ્ચે ) 'સેંકડો વર્ષ થયાં તમે મદાંધયવનો ભારે ઝંઝાવાતની અદાથી ભારતદેશની ધરતી ઉપર આક્રમણ લાવી ઘોર આંધી ઉતારી રહ્યા છો, યવન લુંટારૂઓનાં ધાડાં, ભૂખ્યાં વરૂઓની જેમ ભારતમૈયાના દેહ ઉપર તૂટી અમારૂં હીર ચૂસી રહ્યા છો. આસિરિયાની મહારાણી સેમિરામીસ પછી પારસદેશના ભૂપેંદ્ર દરવેશ ગુસ્તાસ્પ અને છેલ્લે તમારા ગ્રીસ અને મકદુનિઆના રાજા મહાન સિકંદરે અમારી પવિત્ર ભારતભૂમિ ઉપર પદાક્રાંત કર્યા પછી પણ તમે ગ્રીક સરદારો ક્યાં જંપીને બેઠા છો ? શકેંદ્ર ( સિકંદર ) સુદ્ધાંને ભારતની અદ્‌ભુત વીરતા અને ક્ષાત્રતેજથી પાછા હઠી એજ ખૈબર કે બોલનઘાટને માર્ગેથી સ્વદેશ ભેગા થવું પડ્યું હતું. છતાંય ભારતની સુજલાં–ફળદ્રુપ ખીણોનો મોહ હજુ તમને છૂટી શકતો નથી. સહનશીલતાનીએ હદ હોય છે, પરચક્રથી ત્રાસી હવે અમે પણ તમારા પર વળતું આક્રમણ કરી તમને હરાવ્યા સિવાય જંપવાના નથી.'

ગ્રીક સરદાર : ( છુપા ગભરાટથી ) 'ત્યારે આપ હવે ક્યાં સુધી આગળ વધવા ચાહો છો ?'

સંપ્રતિ : 'ગ્રીસ સુધી તો ખરૂંજ.'

ગ્રીક સરદાર : ( ખિન્નતાથી ) 'ગ્રીસ સુધી ?'

સંપ્રતિ : ( રૂવાબથી ) 'હા.'

ગ્રીક સરદાર : ( ટટારબની ) 'મહારાજા, ગ્રીસ તો નાગની ફણા પર રહેલા મણિ જેવું છે. જો આપના સૈન્યની આબાદી ચાહતા હો તો યુફ્રેટિસથી આગળ નહિ વધતાં અહીંથીજ બસ કરી ભારત તરફ પાછા સિધાવી એના સુવર્ણ–ભંડારની રક્ષા કરો.'

સંપ્રતિ : 'દિક્‌ભ્રાન્ત જુવાન ! હમણાં તો પોતાના જ દેશની ચિંતા કર !'

ગ્રીક સરદાર : 'મહારાજા, આપ ગ્રીકોની વતન-પરસ્તી જાણતા નથી. એની જવાંમર્દીને પિછાનતા નથી. વિશ્વવિજયી સિકંદરે હજુ તો હમણાં જ અર્ધું જગત જીતી લીધું હતું. એના ચુનંદા સૈનિકોની વીરતા—'

સંપ્રતિ : 'બરાબર જાણું છું. સેલ્યુકસે મગધ ઉપર ચડાઈ કરી; પણ દાદા ચંદ્રગુપ્તે એને હરાવી કાબુલ, કંદહાર અને હેરાત પડાવી લીધા હતા.'

ગ્રીક સરદાર : 'પોરસને જીતી લીધો એનું શું ?'

સંપ્રતિ : ( અક્કડબની ) 'પણ ચંદ્રગુપ્તને નહીં, મહિનાઓના અવિશ્રાંત શ્રમબાદ પંજાબનો એક ન્હાનકડો ટુકડો જીત્યા; એ પણ જીરવી શક્યા નહિ. મગધના રણમત્ત મૌર્યોની સ્હામે થનાર હજુ કોઇએ સાર કાઢયો નથી. છતાંય તમારો મદમસ્ત ગર્વ સમરભૂમિમાં જણાયા સિવાય રહેશે નહિ.'

ગ્રીક સરદાર : 'મહારાજ ! તમે અમારી સાથે નાહક વૈર બાંધો છો.'

સંપ્રતિ : ( હસીને ) 'ડહાપણ આવ્યું ખરૂં; પણ બહુ મોડું. હવે તો કમ્મરે શમશેર લટકાવી ગ્રીસની સરહદેજ ઉભા રહો.'

ગ્રીક સરદાર : ( નજીક આવી ) 'મહારાજ—'

સંપ્રતિ : 'શું કહો છો ?'

ગ્રીક સરદાર : 'ઝઝુમતા યુદ્ધને અટકાવવા—'

સંપ્રતિ : 'સંગ્રામના યોજક બની હવે યુદ્ધને અટકાવવા માંગો છો ?'

**કાનજીસ્વામી આચારને જીવનમાં ભલે મહત્ત્વ ન આપતા હોય પણ શ્રી કુંદકુંદાચાર્યજીએ તો પોતાના "પ્રવચન સાર"માં ખુબ મહત્ત્વ ગાયું છે.**

# દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ:

પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ.

ધ્યાનમાં રાખવું કે, કાનજીસ્વામી જે જાતિના આત્માના શુદ્ધ સ્વરૂપનું નિરૂપણ કરે છે તેના અમે વિરોધી નથી. આત્માના એવા શુદ્ધસ્વરૂપને અમે પણ માનીએ છીએ. કેમકે જ્ઞાનીઓએ સિદ્ધાંતમાં એ સ્વરૂપને બતાવ્યું છે. પણ એકાસણાં, આયંબીલ, ઉપવાસ તથા સામાયિક, પ્રતિક્રમણ કે દેવવંદન વિગેરે શુભ છે અને શુદ્ધની અપેક્ષાએ અશુભ જેમ ઝેર છે. તેમ શુભ પણ ઝેર જ છે અને શુદ્ધમાં લેશમાત્ર સહાયક નથી એવો જે પ્રલાપ તેઓશ્રી કરી રહ્યા છે તેની સામે અમારો સિદ્ધાંતિક, પ્રમાણિક વિરોધ છે અને એ વિરોધને સિદ્ધ કરવા જે કુંદ-કુંદાચાર્યને પ્રમાણ માની સમયસારની વાતો કરી શુભ એ પણ ઝેર છે. એમ એ જનતાના હૈયામાં ઠોકી બેસાડવા પ્રયત્ન કરે છે. તે જ કુંદકુંદાચાર્યના બનાવેલા પ્રવચનસારની સાક્ષી આપી શુભની કેટલી આવશ્યકતા છે અને તેમાં પણ કેટલી હદ સુધીની આવશ્યકતા છે એ અમે બતાવવા માંગીએ છીએ.

સંસારનાં પ્રલોભનોને લાત મારી, અગારને છોડી જે અણગાર બન્યા છે તેને પણ આચાર્ય એમ કહે છે કે, 'ભાઇ ! તારે નિર્વિકલ્પક સમાધિ જોઈતી હશે તો એ પાંચ વાર તું ખાઈશ એ નહી ચાલે, પેટમાં ઠાંસી ઠાંસીને ખાઇશ એ પણ નહિ ચાલે. તારે માટે રસોડું ખુલ્લુ મૂકાવી સારા સારા માલ–પાણી રંધાવી તું ઝાપટીશ એ પણ નહિ ચાલે, કારણ કે એ બધા રસ્તાઓ મોક્ષની પ્રાપ્તિમાં રોકાણ કરનારા છે. કેવળ મોક્ષના અર્થી એવા મુનિને આચાર્ય આ જાતિના કડક આચારો પાળવાનું કહે તો મોક્ષના અર્થી એવા ગૃહસ્થ માટે કેટલા કડક આચારો પાળવાના હોય એ વાચકો સ્વતઃ સમજી શકે તેમ છે.

અહિં આચાર્ય જો લખવા ધારત તો લખી શકત કે, મુનિએ એકજવાર નિર્દોષ, પ્રાસુક એષણીય વાપરવું એવો કાયદો નથી; કેમકે દેહ અને આત્મા એ આત્યંતિક ભિન્ન વસ્તુ છે. દેહના ગુણો, રૂપ, રસ, ગંધ, સ્પર્શ વિગેરે છે. જ્યારે આત્માના ગુણો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંત-વીર્ય વિગેરે છે. શરીરના ધર્મો જ્યારે આત્માના ધર્મો નથી થતા અને આત્માના ધર્મો શરીરના ધર્મો નથી થતા પછી એક વારજ ખાવું અને પાંચવાર ન ખાવું એવો આગ્રહ શા માટે ? ખાવું એ દેહનો ધર્મ છે. અણાહારીપણું એ આત્માનો ધર્મ છે દેહ ૨૫–૫૦ વાર ખાય એમાં આત્માનો અણાહારી ધર્મ જરાએ નાશ પામતો નથી. બીજું દેહ એ આત્માથી પર છે. દેહ કોઇપણ ક્રિયા કરતો હોય તેમાં આત્મા એ ક્રિયા પોતાની માનેજ શું કામ ? ભલેને દેહ પચીસ વાર ખાય. માત્ર એમ બોલવું કે, જડ, જડની ક્રિયા કરે છે. ચેતન તો અલિપ્ત છે. તો આત્મધર્મ સચવાઇ જાય. જે પરની ક્રિયાને પોતાની માને તે તો મહામિથ્યાદૃષ્ટિ છે. માટે એક જ વાર મુનિએ ખાવું એ બોલવું એ પણ પાપ છે. કેમકે મુનિ અનંત ચતુષ્ટયીનો માલિક છે. જ્યારે ખાવાની ક્રિયા તો મુનિનો દેહ કરે છે, પણ આત્મા કરતો નથી. પછી મુનિનો આત્મા ખાવાની ક્રિયા પોતાની માનેજ શું કામ ? આવું આવું આચાર્ય નહિ લખતાં મુનિ

---

ગ્રીક સરદાર : 'આપ કહો તો—'

સંપ્રતિ : 'નહિ.'

ગ્રીક સરદાર : (અસ્વસ્થ બની) 'ત્યારે ?'

સંપ્રતિ : 'તારા રાજાને કહેજે કે, ભારતની દુર્ભેદ્ય વીરસેના અશ્વોનાં મોટાં સૈન્ય સાથે ખૈબરને માર્ગે આગળ વધી પારસ જીતી ગ્રીસમાં ઉતરવાની રાહ જુએ છે.'

(ગ્રીક સરદાર સભા છોડી ચાલ્યો જાય છે.)

* સમ્રાટ સંપ્રતિને માટે બૌદ્ધ સાહિત્યમાંય ઉલ્લેખ છે. છતાં બીજા જૈનેતર સાહિત્ય સ્વામીઓએ તો એને યાદ પણ કર્યો નથી. એ પણ ભારતનું શું ઓછું દુર્ભાગ્ય છે ?

માટે પણ ઉપરોક્ત આચારનો ભાર મુકયો, એ સૂચવે છે કે, અધિકવાર ખાવાથી, અધિક પ્રમાણમાં ખાવાથી અને પોતાને માટે બનાવેલો આહાર રસપૂર્વક ખાવાથી વિકાર ઉત્પન્ન થાય છે અને એ વિકારથી સ્ત્રી સંસર્ગની ઇચ્છા જન્મે છે. અને એમાંથી આત્માનું અનુક્રમે અધઃપતન થાય છે.

એક બાજુ ભોજન જેવી ક્રિયા માટે મુનિને અંગે આચાર્ય આટલો ભાર મૂકે છે, ત્યારે કાનજીસ્વામી પોતાના પ્રવચનમાં સર્વજન પ્રત્યે સાધારણ નીચેનો ઉપદેશ આપે છે.

"શરીર જડ છે. શરીરની અવસ્થા, એ જડની ક્રિયા છે. શરીરરૂપે ભેગા કરલા, જડ પરમાણુઓ શરીરની અવસ્થા તેના સ્વતંત્ર કારણે કર્યા કરે છે. **તેમાં આત્માની કોઈ મદદ નથી.** છતાં શરીરની ક્રિયા હું કરી શકું અથવા મારી પ્રેરણાથી થાય, એમ માને તેને પોતાના અરૂપી જ્ઞાન સ્વભાવની અને જડથી જુદાપણાની ખબર નથી." [ સમયસાર ઉપર કરેલાં પ્રવચનો ભાગ. ૨ પાનું ૧૨૯ ]

અહિં આપણે જોઈ શકીએ છીએ કે, વિદ્દદ્વર્ય કુંદકુંદાચાર્ય કંઈ કહે છે. જ્યારે, **मुरारेः तृतीय पन्था:** એ ન્યાયે કહાનસ્વામી વળી જુદુ જ સમજાવે છે. દેહથી આત્મા ભિન્ન છે. એ સિદ્ધાન્તિક વચનનો ઉપયોગ ગમે તેટલીવાર ખાવામાં કે ગમે ત્યારે અને ગમે તે ખાવામાં કરવાનો નથી જ પણ ખાવા જેવી ક્રિયા ઉપર અંકુશ મુકવા માટે કરવાનો છે. નહિ તો કોઈ મુર્ખ તલવાર લઈ માણસોને કાપવા માંડે અને કોઇ પૂછે કે, આ કતલ કેમ ચલાવી? તો પેલો કહે, ભાઈ! દેહ અને આત્મા ભિન્ન છે. દેહની ક્રિયા થતી હોય. એમાં મારે શું લેવા દેવા? તલવારથી ધડ જુદુ કરવાની ક્રિયા મારો આત્મા કરતો નથી, પણ દેહ કરે છે; એમ કહી છટકી જવા માંગે તો શું એ છટકી શકે છે. કહો કે એ સિદ્ધાંત બીજાઓને રેંસી નાખવા માટે નથી. અને એ રીતે જો ઉપયોગ કરવામાં આવે તો કસાઇઓને ઘી-કેળાં જ થઈ જાય પણ જ્યારે કોઈ આપણને મારવા આવે, તલવારથી ધડ જુદુ કરવા આવે ત્યારે એ ભાવના ભાવવાની છે કે, દેહ આત્માથી જુદો છે. મારો દેહ આત્માથી જુદો થાય. પણ મારી આત્મ મિલ્કતમાં કાંઇ પણ ઉણપ થવાની નથી. મારૂ દર્શન, જ્ઞાન કે ચારિત્ર; દેહ જુદો થઈ જાય તોપણ કોઇ લૂંટી શકે તેમ નથી. અસંખ્યાત ઇંદ્રો ભેગા થાય તો પણ મારા અસંખ્યાત આત્મ પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ ઓછો કરવાની શક્તિ કોઈનામાં નથી વિગેરે; ટુંકમાં દેહ આત્માથી ભિન્ન છે. એ સૂત્રનો ગમે ત્યાં ઉપયોગ કરવાનો નથી. પણ યોગ્ય સ્થળે અને ઘટિત જ ઉપયોગ કરવાનો છે.

કાનજીસ્વામી આચારને ભલે દેહની ક્રિયા તરીકે ઓળખાવતા હોય અને એની કાણી કોડી જેટલી પણ કિંમત ન આંકતા હોય, પણ વિદ્દદ્વર્ય શ્રીમાન્ કુંદકુંદાચાર્યે પ્રવચનસારમાં તેની ઘણી ઘણી કિંમત આંકી છે. તેમના કેટલાક નમુનેદાર શ્લોકો ઉપર આપણે દૃષ્ટિપાત કરીએ.

**एसा पसत्थ भूदा, समणाणं वा पुणोघरत्थाणं, चरिया परेत्ति भणिदा, ता एव परं लहदिसोक्खं. गाथा ५४**

**શબ્દાર્થ:**—શ્રમણો કે ગૃહસ્થોની આ પ્રશસ્ત ભૂત આચાર ક્રિયા ઉત્કૃષ્ટિ છે, અને તેજ મોક્ષ સુખને અપાવે છે.

**अब्भुट्ठाणं गहणं उवासणं पोसणंच सक्कारं अंजलि करणं प्रणमं भणिदं इह गुणाधिगाणंहि॥ गाथा ६२.**

**શબ્દાર્થ:**—શ્રમણોએ આત્મવિશુદ્ધિને માટે ગુણાધિક શ્રમણોનો આદર સત્કાર કરવો જોઇએ. તે આદર સત્કાર ઉભા થવા વડે; આસન આપવા વડે અશન, પાન, લાવી આપવા વડે સત્કાર, સન્માન તેમજ નમસ્કાર આદિ કરવા વડે જાણી લેવો.

આ ગાથાઓ ઉપરથી સમજી શકાય તેમ છે કે, કુંદકુંદાચાર્યજી સંસારના ત્યાગી એવા શ્રમણ માટે પણ બાહ્ય આચારની કેટલી મહત્તા બતાવે છે? તો પછી શ્રાવકે પોતાની આત્મ શુદ્ધિ માટે બાહ્ય આચારને તો ખુબ ખુબ પાળવા જોઇએ.

# "આર્યલગ્નની મહત્તા"

શ્રી ઉજમશી જુઠાભાઇ અમદાવાદ.

ચોમેર વિષય ભણી દોટ મૂકતી બાલજીવોની કામવૃત્તિને એક જ વર્તુલમાં કેન્દ્રિત કરવા પ્રાચીન આર્ય સંસ્કૃતિએ લગ્નની આદર્શ યોજના ઘડી વિશ્વને ચરણે સુંદર ભેટ ધરી છે.

બાલજીવોની કામવૃત્તિને લગ્ન જેવી ઉત્તમ યોજનાથી મર્યાદામાં આણી ન હોત તો મનુષ્ય પશુ બની, ગમે ત્યાં મન ફાવે તેમ ભટકત અને નવી નવી વિજાતીય વ્યકિતઓની શોધ અને શિકારમાં જીવન વેડફી દેત; એ રીતે વિશ્વની પ્રગતિ અટવાઈ જાત.

નવી નવી વિજાતીય વ્યકિતઓ જોડેના સંભોગથી માનવી સંતુષ્ટ થવાને બદલે ઉલટો સદા અસંતુષ્ટ રહે છે અને કામભોગ માત્ર એનું જીવન ધ્યેય બની જાય છે. માનવ જીવનનું કોઇ કર્તવ્ય એને સૂઝતું નથી અને અંતે અતિ કામભોગથી જીવનનૂર હણાઈ જતાં કમોતે મરે છે.

શ્રી જ્ઞાની મહારાજાઓએ વેશ્યા કે પરસ્ત્રી–ગમનનો સદા ત્યાગ કહ્યો છે અને સર્વથા નહિ તો ગૃહસ્થે સ્વદારા સંતોષી તો અવશ્ય બનવું એવો જે ઉપદેશ કર્યો છે તેના અનેક કારણોમાંનું એક ઉપરોકત કારણ પણ છે.

અમુકજ વ્યકિતઓ જોડેના લગ્નસંસ્કારથી ધીરેધીરે એ વ્યકિતઓનો વિષયભોગ કાંઇક મોળો પડે છે અને સમય જતાં એ વ્યકિતઓની બાલવૃત્તિમાંથી ઘણીવેળા કામભોગવાસના ભૂંસાતી માલમ પડે છે.

યાદ રાખવું જોઇએ કે, યુવાવસ્થા પછીનો કાલ લગ્ન માટે યોગ્ય નથી. યુવાવસ્થા પછીના લગ્ન વાસ્તવિક લગ્ન નથી પણ ખુલ્લો વ્યભિચાર છે.

અત્રે એક વસ્તુ ટાંકવી આવશ્યક છે કે, એક યુગલની મોળી પડેલી કામભોગ વાસના અન્ય વિજાતીય વ્યકિતઓના જોડાણથી ફરીથી ઉગ્રસ્વરૂપ પકડે છે એટલે કે આર્યલગ્નની મર્યાદા બાલજીવોની કામવૃત્તિને કાબુમાં લેવા કેટલેક અંશે જરૂર સહાયભૂત છે.

આર્ય લગ્નની યોજના અનેક દૃષ્ટિથી કસી સંગીન વિચારણાઓ પછી ઘડાયેલી છે. એનો આદર્શ ઘણો ઉંચો છે. આર્ય સંસ્કૃતિએ ઘડેલો લગ્નનો ધારો બુલંદ અવાજે પોકારીને કહે છે કે, જગત્ પર વ્યભિચાર થતો અટકે માટે લગ્ન છે. લગ્નગ્રંથીથી જોડાઈ માનવી વ્યભિચારી બને તો તે મહાપાપ કરે છે, વ્યભિચારના પાપથી બચવા લગ્ન છે, પાપમાં પરોવાવા લગ્ન નથી. વ્યકિત, વ્યકિત વચ્ચેના વિજાતીય આકર્ષણોથી જન્મતી મલીનવૃત્તિઓના, વેગને થોભાવવામાં જ આર્ય લગ્નની સાર્થકતા છે.

આદર્શ ગૃહસ્થ જીવન જીવવા અને એની સુંદર ફોરમ અનુભવવા સ્ત્રીએ પતિવ્રત લેવું અને પતિએ પત્નિવ્રત લેવું. કુદરતે સર્જેલી એ બેલડીએ એક બીજાને સદા વફાદાર રહેવું અને એક બીજાના સુખ-દુઃખમાં સરખા ભાગીદાર બનવું. આર્ય લગ્નની સોગંદ વિધિને એ બેલડીએ પ્રમાણિકપણે અનુસરવું અને એ સોગંદનો ભંગ ન થાય તે માટે હંમેશાં જાગ્રત રહેવું.

સમાજનું શિસ્ત અને હિત જાળવવા આશિર્વાદરૂપ એવી આદર્શ આર્યલગ્નની યોજનાનો જો સારૂંએ વિશ્વ સ્વીકાર કરે તો દિનપ્રતિદિન જોર પકડતો જતો વ્યભિચાર મોળો પડે અને ટુંક સમયમાં જ વિશ્વ નવું ઓજસ અને ચૈતન્ય પ્રાપ્ત કરે.

# મહાસાગરનાં મોતી

**પૂ. આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

**ધર્મ** એજ માનવ જીવનનો સાચો સાથીદાર, હિત અને શ્રેયોમાર્ગનો યોજક છે. જો જીવન ધર્મથી દૂર રહ્યું તો સમજવું કે, સધાતી પ્રગતિઓ દ્વારા કટુક ફલોજ ભોગવવાં પડે છે. એક કટુક ફલને ભોગવતાં દુષ્પરિણતિ દ્વારા નવાં અનેક કટુક ફલો પેદા થાય છે, જીવાત્માને દુર્ગતિમાં રખડાવે છે.

**દૈવિય** દુનિયાને દુષ્ટાચરણીઓ જ દુષિત કરે છે. દુષ્ટ આચરણો દુનિયાને મલિન બનાવે છે, દર્પણ સ્વચ્છ હોય પણ શ્યામ મુખડાવાળાની શ્યામ છાયા પડવાથી મલિનતા જન્મે છે. બાકી દર્પણનો સ્વભાવ સ્વચ્છતામય છે, આજ સંસારમાંથીજ ઉચ્ચાચરણધારિયો, ધુરંધર સમાજ–નેતાઓ, સંસાર સિંધુના તરવૈયાઓ અને લાખોના માર્ગદર્શકો નીકળ્યા છે. દુષિતો માટે દુનિયા દુઃખનો દરિયો છે, દુઃખનો દાવાનલ છે.

**કાષ્ટ** પુતળીને ઘડવાવાળો એવી સુંદર અને આકર્ષક ઘડે છે કે, તેને જોતાંવેંતજ જોનારાઓ જંખે છે, ભાન ભૂલે છે. પણ તે કયાં સુધી કે જ્યાં સુધી વાસ્તવિક કાષ્ટ પુતળીનું પરિજ્ઞાન ન થાય. આતો અચેતન છે, લાકડું અસાર છે, હું છેતરાયો, એવી પરિભાવના જ્યારે પેદા થાય છે પછી તો પોતેજ પોતાની મૂર્ખાઇ પર ઘડીભર હસે છે અને એ પાગલ પ્રસંગને જીંદગીના ઇતિહાસમાં ટાંકી લે છે. સત્ય પરિજ્ઞાન અને યથાર્થ પરિભાવના એજ વૈરાગ્ય શિખવાનો બોધપાઠ છે.

**વ્યા**પારિઓ નફાખોરીને, નોકરો સારૂ કામ કરીને ઇનાયતને, શ્રમજીવીઓ નિર્ધારથી અધિક લક્ષ્મીને, દુકાનદારો વ્યવહાર, આબરૂને, શ્વાસની જેમ હૃદયગત કરે છે તેમ આત્મ શ્રેયના સાધકો, પ્રત્યેક ક્રિયાઓમાંજ મુક્તિના સુધ્યેયને ચૂકતા નથી. મુક્તિ મેળવવાના મનોરથોને પળેપળે સ્મરે છે. મુક્તિ કામુકતા વિહુણી ક્રિયાઓ શરીર શ્રમજ કહેવાય છે. મહાન-ફલને દૂર કરી અલ્પ અને અસ્થિર ફલને, મુક્તિ ભૂલવાથીજ મેળવાય છે.

**ધર્મ** ક્રિયાઓને દંભ, માયા કે આડંબર સ્પર્શવા ન દેવો. એજ સુક્રિયા છે. કપાસમાંથી કપાસીઆ જુદા પડયા પછી રૂ પેદા થાય છે, તેનાથી સુતરનાં કોકડાં ગૂંથાય છે, એ કોકડાં બેનમૂન વસ્ત્રો પેદા કરે છે, એ વસ્ત્રો માનવોની એબને ઢાંકે છે. જેમ બધાયનું મૂળ કપાસ ગણાય છે, તેમ ધર્મનું મૂળ શ્રદ્ધા જ છે. શ્રદ્ધા પેદા થયા પછી મિથ્યાત્વ દૂર થાય છે પછી વ્રત, યમ, નિયમ, પ્રતિજ્ઞા, પાલન કરનારને વિવિધ અનુષ્ટાનો આચરવાનો રસ જાગે છે, પરંપરાએ સધળાયના ફલરૂપ મુક્તિ પણ મળી જાય છે. એટલે સંસાર સધળોય આપોઆપ ટળે છે. અને આત્માની સંસારીપણાની એબનું નિકંદન થામ છે.

**ઐકયને** તોડવું નહિ! ઐકયને તોડયા પછી સાંધવામાં સંકટ વેઠવું પડે છે. કદાચ તૂટયા પછી સંધાઇ પણ જાય છતાંય અંતરમાં મડાગાંઠ તો રહી જાય છે અને અવસરે એ ભાવ ભજવે છે. છૂપાઈ રહેલો દેવતાનો તણખો પણ ભભૂકતાં જેમ આખા

---

**જો સમાજ સ્વચ્છંદી બની વિજાતીય જોડે મનસ્વીપણે વર્તે તો લગ્નની મહત્તા શું? જે દેશમાં છૂટાછેડા છાસવારે થાય તે લોકોના સંસ્કાર શું? પાશ્ચિમાત્ય લગ્ન-યોજના ઉપરોક્ત કારણે પાંગળી છે અને તેથી તે તજવા જેવી છે.**

**જો વિશ્વ પર સર્વત્ર પાશ્ચિમાત્ય લગ્ન-યોજનાનું અનુકરણ થશે તો જગત્ અંધકારથી ઘેરાઈ જશે. કદાચ વધી પડેલા બાહ્ય પ્રકારના આડંબરથી જડ જનતા એ અંધકાર ન પણ અનુભવે તોપણ વાસ્તવિક એ અંધકારના ઓળા વિશ્વપર જરૂર ઉતરવાના.**

**જો વિશ્વ સુખ, શાંતિ અને શિસ્ત ચાહતું હશે તો પ્રાચીન આર્યલગ્નની યોજનાને સત્વર અમલી બનાવવીજ પડશે.**

નગરનો નાશ કરે છે. તેમ કુસંપનો છૂપાઈ રહેલો તણખો એક વેળા ઐક્યના બળને આંચ આપે છે,

**નેત્ર** એ દૂર અને સમીપ રહેલા પદાર્થોને પ્રગટ કરે છે. નેત્રમાં કસ્તરની અથવા અન્ય કોઈ ઉપાધિ જાગે તો વિદ્યમાન પદાર્થો દેખાતા નથી. તેમ જ્ઞાન એ અંતર્ચક્ષુ છે પણ એમાં અભિમાન રૂપ કસ્તર ભરાઇ ગયું હોય તો વિકાર પેદા કરે છે અને એ વિકાર કદાગ્રહને પેદા કરે છે. સાગરનું જળ અપરંપાર હોવા છતાંય ખારૂં હોઇ અપેય થઇ જાય છે. તૃષાને છુપાવતું નથી.

**આશા** અને લોભ, વિહ્વલતા અને અસંતોષને પેદા કરે છે, વિહ્વલતા સુવિચારની નાશક છે અને લોભ સ્થિરતાનો નાશક છે. સુવિચારીતા અને સ્થિરતાનો નાશ થયા પછી માનવતાની શેષ પણ કયાંથી રહે? સાચા માનવની કોટિમાં જીવવાની ઇચ્છાવાળાએ ખોટી આશાઓને અને લોભને જીવનમાં સ્થાન ન આપવું જોઇએ. સુવિચારો અને સ્થિરતા જ જીવનતંત્રનાં કેન્દ્ર મશીનો છે.

**ભોજન** જમતાં પહેલાં ભૂખને તપાસાય છે, નહિ કે પેટની નાનાઈ કે મોટાઇ મપાય છે; તેમ દુનિયાના તમામ કાર્યો પ્રતિ ઇચ્છા માત્રને નથી જોવાતી પણ તે કાર્યોની યોગ્યાયોગ્યતા, ફલાફલતા તેમજ શકયા શક્યતા જોવી જ જોઇએ. માત્ર ઇચ્છા પર નિર્ભર થઇને કાર્ય કરે જ જતાં અવળું પણ થઈ જવાનો સંભવ રહે છે તો વિચક્ષણોએ નિરર્થક બીન પાયાદાર થતી ભ્રમભરી અને દુઃખજનની ઇચ્છાઓને નિરોધવી એ પરમ ફલની ભૂમિકા છે.

**બટન**, વિજળીનો દીવો નથી પણ બટનના પ્રયોગ સિવાય દીવો પ્રકાશમય કે દીવાના રૂપમાં ઝલકતો નથી તેમ જીવન એ વિજળીનો દીવો છે પણ એને પ્રગટાવવા અવલંબન બટનોના પ્રયોગની આવશ્યકતા હોય છે, જંગલીઓનાં જીવનો એ બુઝાએલા દીપકની જેમ અંધારામાં છે; કારણકે, તેઓના જીવનમાં કોઈપણ આદર્શ આચરણો કે વિશિષ્ટ શ્રદ્ધા નથી હોતી તેમજ શ્રેયોમાર્ગગામી કોઇ પણ અવલંબનનું બટન નથી અને પ્રયોગ પણ નથી. વિના અવલંબને જીવન પ્રકાશમાં નથી આવતું. પ્રત્યેક માનવોએ પ્રતિદિન યાદ આવે એવું અવલંબન જીવનમાં કારગત કરી લેવુંજ જોઇએ. શ્રદ્ધા, પ્રેરણા, ઉત્સાહ, સુભાવ, અને વિવેક આ સઘળુંય અવલંબન બીજનુંજ ધાન્ય છે.

## ઈચ્છા હોય તો—

ફ. સુ. દોશી

**મા**રવાની ઇચ્છા હોય તો વિષયવિકારોને મારો.

**જી**તવાની ઇચ્છા હોય તો ઇદ્રિયોને જીતો.

**ખા**વાની ઇચ્છા હોય તો અભિમાનને ખાઓ.

**પી**વાની ઇચ્છા હોય તો જિનેશ્વર ભગવાનનાં ગુણ--કીર્તન રૂપ રસને પીઓ!

**પ**હેરવાની ઇચ્છા હોય તો ભલાઇનો પહેરવેશ પહેરો.

**આ**પવાની ઇચ્છા હોય તો નીચી નજરે આપો અને ભૂલી જાઓ!

**જ**વાની ઇચ્છા હોય તો કંચન-કામીનીના ત્યાગી મહાત્માઓ પાસે જાઓ!

**લે**વાની ઇચ્છા હોય તો સદ્ગુરૂઓનો આશીર્વાદ લો!

**આ**વવાની ઇચ્છા હોયતો આત્માની મદદે આઓ!

**ત્યા**ગવાની ઇચ્છા હોય તો પૌદ્ગલિક ભાવોનો ત્યાગ કરો!

**તો**બાહ પોકરાવવાની ઇચ્છા હોય તો કષાયોને તોબાહ પોકરાવો!

**બો**લવાની ઇચ્છા હોય તો પ્રિય, પથ્ય અને તથ્ય વચન બોલો!

**તો**લવાની ઇચ્છા હોય તો આશ્રવ અને સંવરનો બરોબર તોલ કરો!

**જોવા**ની ઇચ્છા હોય તો વીતરાગની મૂર્તિ જોવો.

**સાં**ભળવાની ઇચ્છા હોય તો જિનેશ્વર ભગવાનનાં વચનોનું શ્રવણ કરો!

# 'નામના'નું ભૂત;

## શ્રી મફતલાલ સંઘવી

ઊંડે-ઊંડે વહી જતી સરિતાના શાંત, નિર્મલ સલિલને સમયના અગોચર પત્ર પર કંડારાતી નિજના જીવનધ્યેયની કાવ્યપંક્તિઓના ખ્યાલ કરતાં સાંપડેલ જીવનધ્યેયને શિસ્તબદ્ધ રીતે વળેગી રહેવાનો નિર્દોષ ખ્યાલ વિશેષ રહે છે. જે ખ્યાલનું હાર્દ પત્થર શા અણઘડ જીવનને અનુપમ કલામયતા સમર્પી શકે છે.

માનવીનું દૃષ્ટિબિન્દુ આનાથી તદ્દન વિપરીત જણાય છે. 'નામના'નું ભૂત તેને પ્રતિપળે શતાવ્યા કરે છે. સામાન્ય પ્રકારના કાર્યની શરૂઆતથી તે અંત સુધી 'નામના'નું પ્રચંડ મોજું તેને હલબલાવી મૂકે છે. પરિણામે તેની જીવન શક્તિનો મોટો ભાગ સત્કાર્યની દિશામાં વહેવાને બદલે, કલ્પના જન્ય 'નામના'ની ઉજ્જડ ભૂમિમાં એળે જાય છે.

જીવન, નામના કાજે નથી, પણ તે કર્તવ્ય કાજે છે. વ્યક્તિ અને વિશ્વનો સંબંધ ગાઢ છે. જન્મ લેતું પ્રત્યેક પ્રાણી, જન્મથી જ કુદરતના ઋણથી બંધાય છે. અને તે ઋણ ફેડવા સારૂ તે તેના જીવન દરમ્યાન જેટલા પ્રયાસો આદરે તેટલા ઓછા ગણાય. જ્યારે 'નામના'ના નકામા તેજમાં અંજાયલો માનવી, એકાદ સામાન્ય કાર્યનો પણ બદલો માંગે છે. કામનો બદલો માંગનાર, દુનિયાનો દેવાદાર બને છે. કર્તવ્ય ધર્મથી આળગો રહીને જે માનવી, 'નામના'ની કે બીજા ગમે તે વિચારોની દુનિયામાં જીવે, તોપણ તે દુનિયાના દુશ્મનની ગરજ સારે.

'નામના'ના સ્તૂપો અવિચળ રહ્યા નથી, ને રહેશે પણ નહિ. 'નામના'ને જીવન કેંદ્ર બનાવી તેની આસપાસ ભમતા માનવ ભમરડાઓ આ માનવ લોકમાં અસંખ્ય પ્રકારની ગેર નીતિઓને જન્માવે છે. પૈસાને નામે તેઓ ન્યાય અને નીતિનાં ખૂન કરતાં અચકાતા નથી. નીતિના સાચા રાહે ચાલતા પરગજુ માનવોને તેમની દિશામાં આકર્ષવામાં તેઓ અભિમાન સમજે છે.

'નામના'નું ભૂત જન્મ્યું લક્ષ્મીમાંથી, સત્તાનો ટેકો મળતાં જ તે દુનિયામાં અડ્ડો જમાવી બેઠું આજે કોઇ પણ સંસ્થામાં કે વિદ્યાલયમાં પૈસા આપતાં પહેલાં ધનિક પોતાની 'નામના'નો પ્રથમ ખ્યાલ કરે છે, ને કેટલીક સંસ્થાઓ તો આ નામના ખોર ધનિકોનાં આશ્રયે જ નભી રહી છે. પૈસા આપતાં પહેલાં તેઓ તે સંસ્થામાં અગર વિદ્યાલયમાં પોતાનું બાવલું, કે પોતાના શુભનામની તખ્તી ગોઠવવાની આછી પણ દલીલ કરશે જ! તેનું કારણ? શું તેમને વધારે પડતો પૈસો મળ્યો એટલે તેના ઉપર તેમનો જ હક્ક ગણાય? શું વધારે મેળવનાર પોતે ઓછી આવકવાળાને કે જરૂરવાળાને મુદ્દાસરની મદદ કરવા બંધાયલો નથી? કિન્તુ માનવ જીવનની યથાર્થતાનો આછો પણ ખ્યાલ ન ધરાવનારને એથી વિશેષ સુંદર ખ્યાલ પણ ક્યાંથી આવે?

જો આજની જેમ, આપણા ભૂતકાળના જીવન વિધાયકોએ પણ કેવળ 'નામના'નો ખ્યાલ કર્યો હોત, તો આજે આપણે ક્યાં હોત? જીવનની કઇ અંધારી ગલીમાં આપણે રવડતા હોત! આપણી આર્યસંસ્કૃતિ અને તેના બળ પર નભતી આર્યપ્રજા આવી આકરી કસોટીની પળે પણ જે ખમીર દાખવી રહી છે, તે ભૂતકાળના આપણા જીવન વિધાયકોની નિર્લેપ કર્તવ્યનિષ્ઠાને પ્રતાપે જ!

'નામના'થી પર બની કર્તવ્યપથે આગે

## स्वाध्याय — श्रीकीर्ति

**આ**ધુનિક યુગમાં જો માનવ સમાજના જીવન તપાસવામાં આવે તો એમ જરૂર ભાસે કે, જીવનમાં અવકાશ જેવું કોઈ તત્ત્વ રહ્યું નથી. ગરીબ કે તવંગર, શેઠ કે શાહુકાર, રાજા કે પ્રજા, નાના કે મોટા, સ્ત્રી કે પુરૂષ, સૌ કોઈના જીવન તરફ જ્યારે આપણે દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે એ જાણવાનું મળે છે કે, પુરસદ નથી. એવા કયા મોટા ડુંગરો ખોદી કાઢવાના છે કે, કયા મહાસાગરો ઉલ્લંઘન કરવાના છે કે, જેથી ફુરસદ નથી, 'પાઈની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ' એ કહેતીને આજે ખરેખર સમાજે સાચી કરી બતાવી છે.

એક મામુલી જીવન-નિર્વાહની ખાતર માનવી સવારથી લઈ સાંજ સુધી, અરે! મોડી રાત સુધી દોડધામ મચાવે છે. જ્યારે.....જે અણુમોલ જીવનથી સ્વાધ્યાયના યોગે આત્મા કર્મોનો નાશ કરી શકે છે, અનેક જન્મ-મરણુના પાપનું પ્રક્ષાલન કરી પૂનિત બની શકે છે, અવનતિના ગાઢ અંધકારથી વ્યાપ્ત ભયંકર અટવીથી પાર પામી ઉન્નતિના શિખરે ચઢી શકે છે. આત્મામાં રહેલા અનંત ખજાનાને પ્રગટાવવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય તેવી મહામૂલી ઘડી, પળ, સાંપડ્યા પછી પણ જો વંચિત રહીએ તો કહેવુંજ પડશે કે, આપણે નિર્ભાગ્ય શિરોમણિ છીએ.

ઉપવાસાદિક તપશ્ચર્યા બાહ્ય તપમાં ગણાય છે, જ્યારે સ્વાધ્યાય, અભ્યંતર તપ તરીકે વર્ણવવામાં આવેલ છે. સ્વાધ્યાયમાં લીન રહેનારની બલીહારી છે.

આત્મામાં રહેલ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય એ ચતુષ્ટયીનો પૂર્ણ વિકાસ સધાવનાર જો કોઈ હોય તો તે એકજ કે સ્વાધ્યાય !

સ્વ અને પર, જડ અને ચેતન, અહમ્ અને મમ, એ બધીય વસ્તુઓના ભેદ દર્શાવી સત્ય ભાન કરાવનાર અને આધ્યાત્મિક નયનોને ઉઘાડનાર જો કોઇ હોય તો તે સ્વાધ્યાય.

---

બઢતા નરવીરો કાજે 'નામના' પ્રતિપળે હાજર રહે છે.

મેવાડના અટંકી મહારાણા **પ્ર**તાપને **પૈસાની પૂરતી** સહાય આપનાર વીર **ભામા**શાહે, સહાય આપતાં પહેલાં જો પોતાની 'નામના' નો ખ્યાલ કર્યો હોત, તો તેનાથી સહાય આપવાનું કામ બનત જ નહિ, અને પરિણામે મેવાડની પ્રજાને મોટામાં મોટું નુકશાન થાત પરંતુ સહાયને પોતાની પવિત્ર ફરજ તરીકે સ્વીકારીને, કોથળીઓનાં મોઢાં ખૂલ્લાં કરનાર વીર **ભા**માશાહે સાચા જૈન વ્યાપારી તરીકેનું નિજનું જીવન જનતાને દાખલો બેસાડવા ખૂલ્લું કર્યું હતું.

**કર્તવ્યની ઓથે 'નામના'** વસી છે. 'નામના'ની ભિતરમાં હળાહળ ઝેર છે. સત્કર્મથી 'નામના' આવતી હોય, તો તે ભલે આવે, પરંતુ કેવળ 'નામના' કાજે કરાતું સત્કર્મ પરિણામે અસત્કર્મ ઠરે છે અને પ્રજાઓને તે હાનિકર્તા નીવડે છે.

જીવનમાં ટકવા કાજે, આજે સાચી દિશામાં કર્તવ્ય મગ્ન થવાની જરૂર છે.

આત્મશાંતિનાં નિર્મળ ઝરણાં વહેવડાવનાર ત્યાગ, તપ અને સંયમની ઝળહળતી જ્યોત પ્રસરાવનાર સાચે જ સ્વાધ્યાય છે. સેંકડો ને હજારો સર્ચલાઇટોથી પણ જે પ્રકાશ પથરાતો નથી; તેનાથી કંઇ ગુણો અધિક પ્રકાશ આત્મામાં સ્વાધ્યાયના બળે પ્રગટ થાય છે.

છુપા જોમને પ્રગટાવવામાં સ્વાધ્યાય એ અજોડ દીપક છે. જીવન-વિકાસનું અત્યુત્તમ સાધન જો કોઇ નજરે ચઢતું હોયતો તે એકજ કે સ્વાધ્યાય. સ્વાધ્યાયના પ્રતાપે માનવી અહીંઆ બેઠા બેઠા પણ સ્વર્ગીય સુખનો અનુભવ કરી શકે છે.

માનસિક ચિંતાઓને જડમૂળથી નાબુદ કરવામાં રામબાણ જો કોઇ ઉપાય હોય તો સ્વાધ્યાય છે. આધિ, વ્યાધિ ને ઉપાધિથી ગ્રસ્ત આત્માઓ પણ સ્વાધ્યાયમાં મસ્ત બનવાથી જ્ઞાન ઝુલણામાં ઝુલી, સમસ્ત ભૂલી, ખરે તે આત્મિક અલમસ્તતાને અનુભવે છે. અસ્ત થતો હોય તો માત્ર તેના કર્મોનોજ. સ્વાધ્યાય રક્ત આત્મા અનાદિ કાળના લાગેલાં ચીકણાં કર્મોને ખપાવે છે, ભલે પછી તે આત્મા અધમાધમ કેમ ન હોય? પણ તેજ સાચો મહાત્મા બની, પરમાત્મપદને મેળવી લે છે. સાચો રાજ માર્ગ જો કોઈ હોય તો તે એકજ સ્વાધ્યાય છે.

તીર્થંકરાદિ મહાન પુરૂષો કેવીરીતે તીર્થંકર પદને મેળવે છે. તેમના આત્માને પણ પૂર્વકર્મોએ કેટકેટલા નાચ નચાવ્યા છે. જે મહાપુરૂષની એક ટચલી આંગળી નમાવવાની હજારો બલ્કે ક્રોડો દેવો યા ઇંદ્રોની પણ તાકાત નથી એવા સમર્થ છતાં જેઓએ ગોવાળીઆના કરેલ ઉપસર્ગને કેવી અનુપમ ક્ષમાથી સહી, ઉપસર્ગ કરનાર આત્મા ઉપર પણ કેવા મીઠા અમીનાં વ્હેણ વહેવરાવ્યાં કે એનું પણ ભલું થાઓ.

એવા દિવ્ય પુરૂષોનાં જીવન-ચરિત્રોનો ખ્યાલ કઈરીતે તમે કરી શકશો? કહેવું જ પડશે કે સ્વાધ્યાયથી.

આત્મા, પરલોક, પુણ્ય પાપ, આદિ છે કે કેમ? જીવનમાં ધર્મની શી જરૂર છે? મોક્ષમાં કયા પ્રકારનું સુખ છે અને મોક્ષ છે કે કેમ? અને મોક્ષ કઈરીતે મેળવી શકાય છે? આ બધી શંકાઓનું નિરસન અને અપૂર્વ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ તમે કેવીરીતે કરી શકશો? સ્વાધ્યાયથી!

ત્યારે સ્વાધ્યાય કોને કહેવો. **सुष्ठु अध्यायः स्वाध्याय.** શ્રેષ્ઠ પઠન-પાઠન તેનું નામ સ્વાધ્યાય.

આત્મ-વિકાસ, આત્મ-વિચારણા આત્મ-ચિંતનને કર્મની નિર્જરા જેના યોગે થતી હોય તેજ વાસ્તવિક સ્વાધ્યાય છે. એ પુણ્ય પુરૂષો આપણા હિતની ખાતર-લોક કલ્યાણાર્થે જે અપૂર્વ જ્ઞાનનો વારસો વ્હેતો મૂકી ગયા છે; જેનો થોડેઘણે અંશે દિવસમાં કલાક બેકલાક છેવટ અર્ધો કલાક પણ કાઢીને લાભ ઉઠાવી આત્માને ઉજ્વળ બનાવો!

**“ सज्झाय समो णत्थि धम्मो ”**

**ગ્રાહક બન્ધુઓને ફરી એકવાર અમે વિનંતી કરીએ છીએ કે, પત્ર-વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર લખવા ચુકવું નહિ.**

# શ્રી કાનજીસ્વામી સાથેનો વાર્તાલાપ:

**શ્રી વારૈયા**

"કલ્યાણ" માસિકના ગત અંકમાં 'રે મહત્ત્વાકાંક્ષા તારા પાપે'–એ લેખ વાંચ્યા પછી મારા મિત્રવર્યો સાથે સોનગઢ જઈ આવવું અને ત્યાંની લીલા કેવા પ્રકારની છે. તે જાતે જોવી. આ નિર્ણય કર્યા પછી બીજા જ દિવસે હું મારા મિત્રો સાથે વહેલી સવારની ટ્રેઇનમાં સોનગઢ જવા ઉપડયો. ત્યાં અમે જે જે જોયું અને જાણ્યું તેનું સવિસ્તર વર્ણન આપવા વિચાર રાખ્યો છે પણ હાલ તો તેમની સાથે બપોરના બે વાગે જે વાર્તાલાપ થયો છે તેની નોંધ વાચકો સારૂ રજૂ કરીએ છીએ. જે એક બીજાની વચ્ચે વાર્તાલાપ થયો છે તે જ અમે લખ્યું છે એમાં ઘરનું કાંઇ ઉમેરવામાં આવ્યું નથી. કાનજીસ્વામીએ પૂછ્યું કે,

'તમે ક્યાંથી આવો છો? શું કામ કરો છો?' વિગેરે ઓળખાણ લીધા બાદ કાનજીસ્વામીએ કહ્યું કે, તમો અત્રેના કાર્યથી પરિચીત હશો? કાંઇ પૂછવું હોય તો પૂછો. ત્યારબાદ વાર્તાલાપ શરૂ થયો.

કું૦ અમે આચાર ધર્મને માનીએ છીએ.

કાનજીસ્વામી–આચાર ધર્મ એટલે શું?

કું૦ સામાયિક,પૂજન,પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયા.

કા૦ ધર્મક્રિયા શરીરદ્વારા થાય કે આત્મદ્વારા?

કું૦ આત્મ યુક્ત શરીર દ્વારા.

કા૦ શરીર ચેતન છે કે જડ?

કું૦ આત્મા રહિત શરીર જડ છે.

કા૦ દ્રવ્યની અપેક્ષાએ શરીર અને આત્મા એક કે જુદા?

કું૦ દ્રવ્ય તરીકે આત્મ દ્રવ્ય જુદું છે.

કા૦ જડ એવા શરીર દ્વારા કરાતી ધર્મક્રિયા આત્માને કઇ દ્રષ્ટિએ લાભ આપી શકે?

કું૦ જડ એવા ચશ્માથી આંખને વસ્તુ સ્પષ્ટ દેખાય કે નહિ?

કા૦ એ ચશ્મા તો નિમીત્ત છે.

કું૦ નિમીત્તની જરૂરીઆત ખરી કે નહિ?

કા૦ નિમીત્ત તો પોતાની મેળે આવી જાય છે, પરદ્રવ્ય ત્રણેય કાળમાં સાધન હોય જ નહિ.

કું૦ આત્મા અને કર્મને કંઈ સંબંધ ખરો કે નહિ?

કા૦ ત્રણેય કાળમાં આત્મા અને કર્મને કંઇ જરા પણ સંબંધ નથી.

કું૦ તો આત્મા એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય, તો તે આત્માના કર્મ તેની સાથે ન જાયને?

કા૦ નદીના કાંકરાની જેમ સાથે જાય.

કૂ.૦ નદીના કાંકરાતો ત્યાંને ત્યાં રહે છે, પાણી આગળ ચાલી જાય છે; તેવી રીતે કર્મ આત્માની સાથે જાય કે ત્યાંને ત્યાં પડી રહે?*

કા૦ ના, કર્મ સાથે જાય છે, પણ કર્મ કાંઇ આત્માને અસર કરતું નથી. કર્મ કાંઇ કરતું જ નથી. તે તો બીચારૂં જડ છે. કર્મ કંઇ કરે એ તો અજ્ઞાનીની માન્યતા છે. કોઇ સાચું તત્ત્વજ્ઞાન જાણતા નથી. અને એ વાત કોઇએ જીંદગીમાં સાંભળી નથી, એટલે આ વાત સાંભળી બધાને આશ્ચર્ય લાગે છે.

કું૦ જો કર્મ આત્માને કંઈ કરતું ન હોય તો જૈન શાસ્ત્રકારોએ સંખ્યાબંધ ગ્રંથોમાં કર્મનું સ્વરૂપ કેમ લખ્યું?

કા૦ એ આખી વસ્તુ જુદી છે.

કું૦ મોહ એટલે શું?

કા૦ મોહ, આત્માનો અરૂપી વિકારી પરિણામ છે.

કું૦ વિકારી પરિણામ કેમ થયો?

---

*જૈન શાસ્ત્રગ્રંથોમાં આત્મા અને કર્મનો સંબંધ દુધ અને પાણી અને તપાવેલ લોઢામાં અગ્નિ હોય તેવો કહ્યો છે. દુધ અને પાણી બન્ને વસ્તુ જુદા હોવા છતાં મિશ્રિત થઇ જવાથી એક સરખા જ લાગે છે. તે દુધ અને પાણીને હંસ જુદું કરે છે. તેમ પુરૂષાર્થ કરી. આત્મા કર્મથી જુદો થઇ શકે છે, તેવી રીતે અગ્નિના સંયોગે લોઢું અને અગ્નિ એકમેક જ લાગે છે. વસ્તુત: અગ્નિ અને લોઢું જુદાં છે. અગ્નિના સંયોગે લોઢાને ટીપાવું પડે છે. તેમ કર્મના સંયોગે આત્માને પણ સંસારમાં રખડવું પડે છે. પરંતુ નદીનું પાણી અને કાંકરાનો સંબંધ બંધ બેસી શકતો નથી.

કા૦ આત્માએ કરવાથી.

કું૦ આત્માએ વિકારી પરિણામ કેમ કર્યો ?

કા૦ એ રહસ્ય ઘણું ઉંડું છે.

કું૦ જો આત્મા પોતે વિકારી પરિણામ કરતો હોય તો કેવળજ્ઞાની આત્માને વિકારી પરિણામ થાય કે નહિ ?

કા૦ ન થાય.

કું૦ કેમ ન થાય ?

કા૦ થોડો વખત અહિં રહી અભ્યાસ કરવાથી ખબર પડે.

કું૦ ધર્મક્રિયાથી કાંઈ લાભ ખરો કે નહિ ?

કા૦ ધર્મક્રિયા અશુભ ભાવ રોકે છે. અને શુભભાવ થવાથી ફક્ત પુણ્યબંધ થાય છે. નિર્જરા ન થાય, વળી શુભભાવ અને શુભરાગ આવી જાય ખરો; પણ તે આદરણીય નથી.

કું૦ ધર્મક્રિયાથી પુણ્યબંધ થાય. તેમ નિર્જરા પણ થાય. કહ્યું છે કે, **तपसा निर्जरा च**.

કા૦ તપ વિગેરે શરીરદ્વારા થતું હોઈ તેનાથી કદાપિ નિર્જરા ન થાય. તેથી અભવ્યને તપ વિગેરે કરવા છતાં પણ મુક્તિ થતી નથી. ફક્ત પુણ્યબંધ થવાથી નવ ગ્રૈવેયક સુધી જાય છે.

કું૦ તપ વિગેરેથી નિર્જરા ન થાય, તો નિર્જરા કઈ રીતિએ થાય ?

ફકત સચ્ચિદાનંદસ્વરૂપી આત્માનું ચિંતવન કરવાથી.

કું૦ વ્યાખ્યાન, પૂજન, પ્રતિક્રમણ આદિક્રિયાથી ધર્મ ખરો કે નહિં ?

કા૦ ના, તેથી ધર્મ નથી, ફકત પુણ્યબંધ જ થાય છે, અને તે પુંણ્યબંધ પણ અધર્મ છે, કારણ કે વ્યાખ્યાન, પૂજન વિગેરે જડ ક્રિયાએ છે.

કું૦ જો વ્યાખ્યાન, પૂજન વિગેરે ક્રિયાઓથી અધર્મ જ થતો હોય તો, તમે વ્યાખ્યાન વિગેરે કેમ આપો છો ? કારણ કે તેથી તો તમારી માન્યતા મુજબ અધર્મ થાય છે, તમારી માન્યતા મુજબ પુણ્યબંધ પણ અધર્મ છે. તો અધર્મનું આચરણ સમજવા છતાં કેમ કરો છો ?

કા૦ એ તો આપોઆપ થઇ જાય છે.

કું૦ આપો આપ થઇ જવાનું કારણ શું ?

કા૦ એનું રહસ્ય ઊંડું છે. થોડો વખત અહિં રહેવાથી ખબર પડશે, હમણાં તો વ્યાખ્યાનનો સમય થઇ ગયો છે.

વ્યાખ્યાન શરૂ થવાનો સમય ૩ વાગ્યાનો હોવા છતાં ૨-૪૦ મીનીટે વ્યાખ્યાનનો સમય થઇ ગયો છે તેમ કહ્યું. તેથી અમે ઊભા થઈ સમવસરણ વિગેરે જોવા ગયા. તેનો અહેવાલ વગેરે આગામી અંકમાં આપવા વિચાર રાખ્યો છે.

+અભવ્ય જીવ ફક્ત નવ ગ્રૈવેયક સુધી જ જઇ શકે. પરંતુ આગળ ન જઇ શકે તેનું કારણ તેનામાં દેવ-ગુરૂ-ધર્મ ઉપરની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ નથી. જો સમ્યક્ત્વી તેના જેટલી તપ વિગેરે ક્રિયા કરે તો જરૂર મોક્ષમાં જાય પરંતુ તે અજ્ઞાન તપથી પણ અમુક પાપ કર્મનો ક્ષય થવાથી અને પુણ્યબંધ થવાથી નવ ગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. તો પછી જ્ઞાન યુક્ત તપ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય તેમાં નવાઇ શું ?

# પરદેશમાં ભણવા જવું એ ગાંડપણ;

**આપણા વિદ્યાર્થીઓએ પરદેશમાં ભણવા જવું એવી હિમાયત મેં કરી નથી મારો અનુભવ છે કે, આવી રીતે ભણીને પાછા ફરેલા લોકો અહીંના સમાજમાં ભળી શકતા નથી. તેની સાથે સમરસ થઈ શકતા નથી. પરદેશમાં ભણવા જવાનું ગાંડપણ આપણા વિદ્યાર્થીઓના મગજ પર સવાર થયું છે.**

હરિજનબંધુ;                                                                                    ગાંધીજી

# એની કાંઈ સમજ પડતી નથી.

શ્રી પ્રકર્ષ

દુકાને ઘરાકો હમેંશ નહિ આવવા છતાં દુકાનને તો રોજ ખોલનારા, સામાયિક, પ્રતિક્રમણ અને પૂજા આદિ શુભક્રિયાઓમાં કદાચ એકદમ ભાવ નહિ આવવા માત્રથી તે ક્રિયાઓને છોડી દેવાની ઉતાવળ કેમ કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

સુપરટેક્સ, સેઈલટેક્સ, ઇન્કમટેક્સ અને વોરટેક્સ આદિ ટેક્સોના લફરાને ગમે તેવા કપરા સંજોગોમાં નભાવી લેનારા, દહેરાસર અગર ઉપાશ્રયના કાર્યોને નભાવી લેવા માટે ઠરાવેલી જુજ રકમ પણ આપવામાં કેમ ઢીલ કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

વડીલોએ બધા ઉપર સમદૃષ્ટિવાળા થવું જોઇએ એમ ડાહી ડાહી શિખામણો આપનારા, પોતે જ્યારે વડીલ થાય છે ત્યારે સર્વ ઉપર સમદૃષ્ટિ થવાના સિદ્ધાન્તને કોરાણે મૂકી. **परोपदेशे पांडित्यं** એ કહેવતને ચરિતાર્થ કેમ કરતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

પોતાની મા-બેન તરફ કુદૃષ્ટિથી જોનારા ઉપર લાલ-પીળા થઈ જનારાઓ, બીજાની મા-બેન તરફ કુદૃષ્ટિથી જોવાની આદતને કેમ તિલાંજલિ નહિ આપતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

સ્વયં સગવડની શોધમાં ફરનારા અને અગવડોથી દૂર ભાગનારા બીજાઓની સગવડને ઝૂંટવી લઇ તેને અગવડોના કુવામાં ઉતારતાં, સ્હામાના દુઃખોનો લવલેશ પણ વિચાર કેમ નહિ કરતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

શેઠ, રજા આપે તે પહેલાંજ પોતેજ રાજીનામું આપી દેવામાં બુદ્ધિમત્તા સમજનારાની, પોતાનો વૈભવ નાશ થાય એ પહેલાં તેનો સદુપયોગ કરી લેવા, સમયે બુદ્ધિ કેમ બહેર મારી જતી હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

વર્ષો થયા દિવાળીના ચોપડામાં શાલિભદ્રજીની નવ્વાણું પેટીઓ માંગનારાઓને ત્યાં હજુ સુધી દેવદ્વારનાં ખાલી ખોખાં પણ ઉતર્યાં હોય એમ સાંભળ્યું નથી. તો હવે તેવું લખાણ લખવાનું છોડી દઇ તેની જગ્યાએ તેમનો "ત્યાગ મળો" એમ લખવાની હિંમત કેમ નહિ કરતા હોય? **એની કાંઈ સમજ પડતી નથી.**

સત્તા અને ધનનો સદુપયોગ થવો જોઇએ એમ રોજ બાંગ પોકારનારા જ્યારે પોતે સત્તાના અને ધનના માલિક થાય છે ત્યારે તેનો સદુપયોગ કરી લેવાનું તેઓ કેમ વીસરી જતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

સાડા ત્રણ મણની કાયામાં માત્ર એક કાંટાનો ઘા પણ નહિ સહન કરનારા, નિર્દોષ પ્રાણીઓ ઉપર ભાલાના પ્રહારો કરતા તેમનું નિર્દય હૃદય કેમ નહિ કંપતુ હોય? **એની કાંઈ સમજ પડતી નથી.**

સ્હેજ સ્વભાવે પૂર્વના પુણ્યોદયથી પ્રાપ્ત થએલા ધર્મના પ્રસંગને ઠોકરે મારી, દૂર રહેલા અધર્મ પ્રસંગને ખેંચી લાવવા તનતોડ પ્રયત્ન કરનારા દૂધના કટોરાને ઢોળી, ઝેરના કટોરાને પીવાની મૂર્ખાઇ કેમ કરતા હશે? **એની કાંઈ સમજ પડતી નથી.**

# મહાપુરુષની જીવનગાથા:

## પૂ. મુનિરાજશ્રી ચંદ્રોદયવિજયજી મ.

[ પૂ. પ્રવર્તક શ્રીચંદ્રવિજયજી મ. ના શિષ્ય ]

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે યજ્ઞદેવ નામે બ્રાહ્મણ રહતો હતો. વ્યાકરણ, કાવ્ય–તર્ક આદિ શાસ્ત્રોનો ચતુર જાણકાર હતો. એથી અહમ-પણાને ધરાવતો હતો. તેણે એવીતો પ્રતિજ્ઞા કરી હતી કે, "મને જે કોઈ વાદમાં જીતે તેનો હું શિષ્ય થાઊં" અન્યદા એવો પ્રસંગ બન્યો કે, એક બાળ સાધુએ, પ્રસંગે તેને જીતી લીધો અને તેને બાળ સાધુ પાસે દીક્ષા પણ લીધી.

મુનિ થયા પછી વ્રત આદિ પાળવા લાગ્યા. પણ જાતિ ગુણને લઇ, વસ્ત્રો મલીન હોઈ, મળ પરિષહને ન જાણતાં મનમાં નિંદવા લાગ્યો. ઘડીમાં એમ પણ વિચારે કે, સર્વે પ્રકારે આનંદ છે. પણ આવા ઉચ્ચ ધર્મમાં સ્નાન નહીં તે ઠીક નહીં! આ પ્રમાણે વિચારતાં મળ-પરિષહ પાળવાને અશક્ત હોઇ ચારિત્ર ભંગના ભયથી હંમેશા મનમાં દુભાય છે.

એક વખતે ઉપવાસને પારણે ભિક્ષાર્થે ફરતાં ફરતાં પોતાને ઘેર ગયો, કે જ્યાં પોતાની સ્ત્રી છે. વલી સ્ત્રીએ મોહ વશ થઈ આહાર પણ કામણ કરેલો વહોરાવ્યો જેથી મુનિ શક્તિ હિન થયા. અને વિહાર કરવાને અશક્ત હોઈ અનશન કરી, કાળ કરી સ્વર્ગમાં દેવ-પણે ઉત્પન્ન થયા.

પેલી સ્ત્રીને પોતાનો પતિ (મુનિ રૂપમાં) મરી ગયાના સમાચાર મળ્યા. અને પશ્ચા-તાપ પણ કરવા લાગી. કે મુનિ ઘાતક પાપથી હું કેમ છુટીશ? જરૂર નર્કમાં જઇશ! આ પ્રમાણે વિચારી વૈરાગ્ય પામી ચારિત્ર ગ્રહણ કર્યું. અને ઉગ્ર તપ તપી, કાળ કરીને તે પણ દેવ પણે ઉત્પન્ન થઈ.

બીજા ભવમાં યજ્ઞદેવ બ્રાહ્મણનો જીવ, દેવલોકથી મરીને ચારિત્રની જુગુપ્સાથી બાંધેલા કર્મના પ્રતાપે રાજગૃહ નગરમાં ધનવાહ શેઠને ઘેર ચિલાતી નામની દાસીની–કુક્ષિમાં પુત્ર પણે ઉત્પન્ન થયો. તેનું નામ પણ ચિલાતીપુત્ર પાડયું. વળી તેની સ્ત્રીનો જીવ સ્વર્ગમાંથી મરીને ધનવાહ શેઠની સ્ત્રી ભદ્રા શેઠાણીની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થઇ, અને નામ સુસુમા રાખ્યું.

સમય જતાં બન્ને સરખીવય જેવા હો-વાથી ચિલાતિપુત્ર હંમેશાં તે બાળાની સાથે રમે છે અને કોઈ વખત બાળા રડે ત્યારે પૂર્વ કર્મના પ્રેમને લઈ ગુહ્યસ્થાને હાથ રાખે કે બાળા છાની રહે છે. આ વાતની ઘરમાં જાણ થવાથી તિરસ્કારરૂપે તેને ઘરમાંથી કાઢી મુકયો. (કારણકે નાલાયક માણસો ઘરમાં રાખ-વાથી આબરૂને ધક્કો લાગે છે.) હવે ચિલા-તિપુત્ર ત્યાંથી નીકળી અટવીમાં **ચોરની પલ્લી** (ચોરને વસવાનું સ્થાન) માં જઈ, ચોરોમાં ભળી ગયો. તેઓએ સાહસિક જાણી **પલ્લીપતિ નીમ્યો.** હવે પાપ કરવામાં, ધાડ પાડવામાં કુશળ થયો અને કોઇ જગ્યાથી પાછો હઠતો પણ નહીં.

એક વખતે તમામ ચોરોને એકઠા કરી નક્કી કર્યું કે, આજે તો ધનવાહ શેઠને ઘેર ચોરી કરવા જવું છે; પણ જે કાંઇ ધન પ્રાપ્ત થાય તે તમારૂં અને બીજું મારી સાહસિક બુદ્ધિથી (સુસુમા) જે પ્રાપ્ત થાય તેનો ભોકતા હું છું, જેમાં તમારે કોઇએ આનાકાની કરવી નહીં. આ પ્રમાણે નક્કી કરી, પલ્લીપતિ ચોરો સાથે શેઠને ઘરે આવી અવસ્વાપીની નિદ્રા મૂકી, ઘર લૂંટયું અને ધન તથા કુમારી સુસુમાને (પલ્લીપતિએ) ઉપાડી.

ધનવાહ શેઠ, રાજાના સિપાઇઓ તથા પોતાના યોદ્ધા સમાન પુત્રો લઇ, પાછલ દોડયો.

## વિશ્વમાં જોરશોરથી પ્રચાર કરવા યોગ્ય જો કોઇ દર્શન હોય તો જૈન દર્શન છે.

# સનાતન જૈનદર્શન

પૂ. આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ.

આર્યાવર્ત એ ધર્મ પ્રાપ્તિનું કેન્દ્ર છે. જીવાત્માને કર્મની એવી સજ્જડ સાંકળ બંધાયેલી છે કે, કર્મની સત્તા વિવશ આત્માને અનેક ગતિઓમાં ગમનાગમન કરવું પડે છે. શુભગતિ અને અશુભગતિના ઉદયમાં ઉચ્ચ અને નિચ ગતિઓ જીવ મેળવે છે, તે ગતિઓનાં સુખ–દુઃખોને વેઠે છે, અને ગમનાગમન કરે છે. ધર્મશાસ્ત્રો તો કથે છે કે, અનંતકાલથી જીવો 'સંસારી'ની છાપથી ઓળખાય છે, સંસારમાં ભ્રમણ કરે છે. એની આદિ નથી. જો સંસાર–સર્જકની કલ્પના કરીયે તો વિશ્વ ઘટનામાં ભારે ગૂંચવણ થતાં વિચાર–કોકડુ ગૂંચવાઈ જાય તેમછે. સર્જક સિવાય ન જ બને ! ન જ ઉદ્દભવે ! એવો નિબંધ લખી નાખીયે તો સર્જકનો સર્જક કલ્પવો પડે અને "અનાવસ્થા", એટલે મર્યાદા સિવાયની એક કપોલ–કલ્પિત કલ્પના (ભ્રમણા) ઊભી થાય. અનાદિ અનંત કાલથી સંસારચક્ર નિયંત્રિત છે. સંસારની વ્યવસ્થા કર્મને આધિન છે. કર્મ એ પ્રત્યેક આત્માઓનો ગતિ-સર્જક છે. જેવાં કર્મનો ઉદય તેવું શુભાશુભ ફલ મેળવાય છે, ભોગવાય છે; અનુભવાય છે. આ વાદનાં અનેક શાસ્ત્રો સ્વતંત્ર રીતે રચાયેલાં મોજુદ છે. આ વાદના શાસ્ત્રાર્થ મોરચા પણ મંડાયેલા છે અને જીત–હારના રદીયા પણ વિબુધ વર્ગે મેળવેલા છે. એટલે સિધી--સરલ યુક્તિઓથી આ વિષયનો નિર્દેશ માત્ર જ કરી આગળ વધવું ઉચિત સમજું છું. સાહજિક–મતિ એ જ આ નિર્ણયને ઘણોજ જલ્દી લાવે તેમ છે.

આત્મા અનાદિનો છે, અનંત–કાલથી સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે, ઇચ્છાએ કે અનિચ્છાએ ઉદય આવેલાં ઇષ્ટ–અનિષ્ટ ફલોને ભોગવવાં જ પડે છે. આત્મા સુખી થવા ઇચ્છતો હોય, દુઃખની છાંય પણ ન ચાહતો હોય, સ્વતંત્ર સનાતન સાચું સુખ સંપ્રાપ્ત કરવું હોય તો, "બંધન અને મુક્તિ" એ બે વિષયનો ઉકેલ કરી નાખે, બંધનનાં દ્વારો બંધ કરે અને મુક્તિના દ્વારમાં પ્રવેશે. બંધની અને મુક્તિની વ્યાખ્યાને સમઝે અને માને, પાલન કરવા યોગ્ય આચરણો પાલે, જાણવા યોગ્ય પદાર્થોને જાણે અને

---

અને આગળ શેઠ, કોટવાળ આદિને કહે છે કે ધન આવે તે તમારૂં જ સમજજો ફકત મારે તો પુત્રીની જ જરૂર છે.

આમ દોડતાં કેટલાક વજન નહીં સહન કરવાથી ધન ફેંકી જીવ લઇ નાસી છૂટ્યા અને પેલો ચિલાતિપુત્ર સુસુમાને લઇ એક દિશા તરફ નાઠો છેવટે નજીક ભેટો જાણી ચિલાતિપુત્રે પ્રેમદશાથી સુસુમાનું તરવારથી મસ્તક કાપી લઇ, ધડ ફેંકી નાસી છૂટયો. શેઠ તથા પુત્રો નારાજ થઈ પાછા ફર્યા.

હવે ચિલાતિપુત્ર આગળ જાય છે. તેવામાં એક વૃક્ષની નિચે કાયોત્સર્ગ ધ્યાનમાં મુનિને દીઠા અને શઠતાપૂર્વક તરવાર બતાવી કહે છે કે, મને ધર્મ બતાવો ! મુનિ, પાપિષ્ઠ જાણતાં છતાં ધર્મ મેળવી શકશે તેમ જાણી, ઉપશમ, સંવર, વિવક એ ત્રણ આરાધવા તેજ ધર્મ; કહી "**नमो अरिहंताणं**" કહી મુનિ તો આકાશમાં ઉડી ગયા. પ્રભાવ જોઇ ચિલાતિપુત્ર ચમકયો અને વિચારે છે કે, આ શું ?

શું મુનિએ મને ઠગ્યો તો નથી ને ? આમ વિચારી તુરત જ ઉપશમ (આત્માને દબાવવો) સમજી–તરવાર સહિત સુસુમાનું મસ્તક છોડી દીધું અને સંવરમાં રમવા માંડયો કે, વિવેકપૂર્વક રૂધીરથી ખરડાએલું શરીર તેના ઉપર કીડીઓ ચઢવા માંડી અને આખા શરીરનું માંસ ખાવા માંડી, શરીર ચારણી જેવું કરી દીધું અને ભાવબુદ્ધિથી સમતા જાળવીને ચિલાતીપુત્ર જરાપણ ધ્યાનથી ચલિત થયો નહીં અને ૨૦ પહોર સુધી. એક ધ્યાનમાં રહી પાપનો ક્ષય કરી, ચિલાતિપુત્ર દેવલોકમાં ગયો.

ત્યાગવા યોગ્યને ત્યાગે તો આત્મા સ્વભાવને મેળવી, વિભાવને છોડી એક અનન્ય આદર્શ-પ્રતિક રૂપ બને અને અનેક આત્માઓને આદરવા યોગ્ય તેની નિર્વૃત્તિમય પ્રવૃત્તિયોનો આધાર થાય. બસ, આ ધર્મ માર્ગની દિશા છે, દ્વાર છે.

સુખ પીપાસુ વર્ગે સુખને મેળવવાની ઇચ્છા કરતાં સુખના સાધનોને સેવવા, મેળવવાં અને સાધનોમાં તન્મયતા લગાવવી એ વધારે ઉત્તમ પથ સુખનો મનાય છે. સુખનું નિદાન ધર્મજ છે, એમતો સઘળાય ધર્મોપાસકોનાં રહસ્ય મૂલો છે. સુખવાંછુ વર્ગજ ધર્મ-રક્ત બને છે, એમ એકાન્ત પણ ન કહેવાય. દુ:ખ-ભિરૂઓ પણ નૈસર્ગિક ભાવથી ધર્મ સમીપ આવે છે, ધર્મ જાણવા-આચરવા મથે છે. કેટલાક ધર્મદર્શક શાસ્ત્રો સ્વધર્મ શ્રેયોવહ છે. પર-ધર્મ નિધન પ્રાપક છે. આવી ઉક્તિઓને છૂટથી પ્રચારે છે. આ ઉક્તિના પ્રચારનું કારણ તો એ જ જણાય છે કે, સ્વધર્મની નક્કરતા ઉપાસકોના હૃદયોમાં વજ્રલેખી બને, આજ હેતુ કળાય છે અને બીજો હેતુ પોતાના ધર્મની પોલપટ્ટી પોતાને માલુમ પડી હોય તેઓજ એવો પ્રચાર પોકારે છે. રખેને જન-વર્ગ આ માર્ગથી વિખુટો પડી જાય. આ ભય મૂખ્ય સ્થાને પણ હોઇ શકે. જ્યારે જૈનધર્મમાં એવા અનેકાનેક સિદ્ધાંતો જડી આવે છે કે, જે ચારણ-સંજીવિની ન્યાયને પોષે છે. વળી હા, ધર્મ કોઈપણ હોય, મૂખ્યતત્ત્વ પવિત્ર અને નિર્દોષ હોવાં જોઇએ. નામ સાથે સંબંધ એતો મમત્વ જ મનાય છે. હા, જે મૂળ તત્ત્વો કથાય છે, એ તત્ત્વોનો પ્રરૂપક હોય તો તે પૂજ્ય જ મનાય છે અને એ તત્ત્વોને પ્રાપ્ત કરીને એની પાલક વ્યક્તિ હોય તો તે પણ માર્ગસ્થ હોવાથી પૂજ્ય મનાય છે. અને આપ્તવચની પણ કહેવામ. મૂલ તત્ત્વો સત્યથી સંભૂત હોય તે ધર્મ ઉપાસના યોગ્ય ગણાય. પણ ધર્મ નામ હોય અને મૂળ તત્ત્વોનો અંશ પણ ન હોય તો તેને ધર્મ નહિ પણ સર્વ-રીત્યા અધર્મ જ કહેવાય.

સર્વ ધર્મ સહિષ્ણુતા અને વિશ્વધર્મની સ્થાપના, આ વાત ઘણાને મોઢે બોલાય છે, પ્રચારાય છે કે, આ થાય તો જ હિંદમાં પૂર્ણ શાંતિ સ્થપાય, ઐકયતા થાય અને મતભેદોનાં મૂલો ઢીલાં બને. આ વસ્તુ બનવી અશકય છે. આના કરતાં વાર્તમાનિક પ્રત્યેક ધર્મોમાંથી નિર્દોષ અને પવિત્ર ધર્મ શોધી અને તેજ વિશ્વવ્યાપક બનાવવાની કોશીષ થાય તો કંઈક અંશે વિશ્વધર્મ સ્થાપનાનો ઉદ્દેશ સફળ થઈ શકે. માત્ર વિશ્વભરનું કલ્યાણ સાધવાની સુભાવનાઓનું પ્રમાણ દેખાતું હોય તો તે જૈનદર્શનમાં દેખાઈ આવે છે. જો કે ઉપરનું વાકય પક્ષા-ગ્રહી લેખાશે. પણ સત્યનો પક્ષા-ગ્રહી એ તો પ્રશંસનીય છે. મારો નમ્ર અંતરાત્મા એમ માનવા-મનાવવા પ્રેરે છે કે, જ્યારે જ્યારે જૈનાચાર્યો રાજ્યતંત્ર સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા ત્યારે ત્યારે જૈન માત્રનું જ નહિ પણ વિશ્વભરના પ્રાણીઓના હિતની ચિંતના થઇ છે અને અજૈન ધર્મ-ગુરુઓ અને રાજવીઓના સંબંધો નીચેના રાજ્યોમાં માત્ર જૈનોપર જુલ્મ ગુજારાવવાના પ્રસંગો ઉભાજ થાય છે, જેના પ્રમાણો, બે હજાર વર્ષનો ભૂતળ પર રહેલો પુસ્તકોમાં, પથરોમાં, કોરણીયોમાં અને જમીનમાં છુપાઈ રહેલો ઇતિહાસ પોકારે છે.

આ પરથી એમ નિર્ધાર થાય છે કે, વિશ્વમાં પ્રચારવા લાયક કોઈપણ દર્શન હોય તો કેવળ જૈન-દર્શન હોઈ શકે, એમ કહેવું-પ્રચારવું બિલ્કુલ અતિશયોક્તિથી પર છે.

જૈનદર્શનમાં મોક્ષ પ્રાપ્તિના અનેક માર્ગો દર્શિત કરેલા છે. જેમાં રાજમાર્ગ, ધોરી પંચ સંયમ ગ્રહણ છે, જ્યાં ચારિત્ર છે ત્યાં મુક્તિ છે. "**विना संयमं न मोक्ष:**" જેમ શ્વાસ વિના જીવન નાશ થાય છે; તેમ સંયમ વિના મોક્ષપથ હાથ લાધતોજ નથી.

તીર્થંકર દેવોએ ધર્મશાસન વર્ચસ્વનું સ્થાપન કરતાં ડીંડીમનાદે ઘોષિત કર્યું કે, સંયમ એજ સાર છે, સંયમ એ જ મોક્ષ સોપાન છે. સંયમ એ જ મોક્ષદ્વાર ખોલનારો દ્વારપાલ છે. સંયમ લીધા પહેલાંની અવસ્થા પણ વિરક્ત ભાવ ભીનીજ હોય છે એ વિરક્તતા પણ સંયમ સાધવાની તક નીહાળતી જ હોય છે. માનવોએ શ્રદ્ધાબલ, આત્મપ્રોત્સાહનતા અને અભ્યુદયને એવા સાધી લેવા જોઇએ કે, કોઇ પણ ધર્મકાર્ય સહેજે સિદ્ધ થઇ જાય.

# તીર્થાધિરાજ શ્રી શત્રુંજય;

પૂ. મુનિરાજશ્રી દીપવિજયજી મહારાજ

શ્રી **શત્રુંજય** ઉપર પાંચ પાંડવો વીસ ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા છે. એ હકીકતને આજે બુદ્ધિવાદ અને તર્કવાદમાં અંજાએલા માનવો માનવા તૈયાર નથી. દલીલ કરે છે કે, વીસ ક્રોડ, તેટલી જગ્યામાં સમાય પણ નહિ. વીસ ક્રોડને બદલે વીસ કોટી (કોટી--વીસની સંખ્યા) બુદ્ધિગમ્ય છે; પણ પૂ. મુનિરાજશ્રીએ વીસ ક્રોડની હકીકતને ગણિતની પદ્ધતિએ સિદ્ધ કરી બતાવી છે.

[ લેખ ગતાંકથી ચાલુ ]

આ ચારે મહાપુરૂષોનાં દર્શન કરી આગળ બાવળકુંડ પાસે જતાં જમણી બાજુ એક દેરીમાં પાંચ ઉભી મૂર્તિઓ છે, જેને, માહિતીના અભાવે પાંચની સંખ્યાના અનુમાનથી પાંચ પાંડવ કહી દે છે, એટલું જ નહિં પણ કોઇએ તો પાંચ પાંડવ એવા અક્ષરો પણ લખી નાંખ્યા છે. હા, પાંચ પાંડવો જેમણે અહિં બારમો ઉદ્ધાર કરાવી શ્રી **નેમિનાથ** ભગવાનના શાસનમાં શ્રી **ધર્મ**ઘોષ નામના આચાર્ય મહારાજ પાસે ચારિત્ર લહી, શ્રી નેમિનાથ સ્વામીજીનાં દર્શન નિમિત્તે જતાં રસ્તામાં પ્રભુનું નિર્વાણ સાંભળી, શ્રી સિદ્ધગિરિ ઉપર અણસણ કરી, આસો શુદ પૂર્ણિમાને દિવસે વીસ ક્રોડ મુનિ સાથે મુક્તિપદને વર્યા. એટલે તેમની યાદિની ખાતર મૂર્તિયો વગેરે છે, પરન્તુ તે ત્રીજી ટુંકના વિભાગમાં એક દેરાસરમાં કે જે રંગમંડપમાં ભોંયતળીયે સમુદ્ર અને વહાણનો દેખાવ છે, તે મંદિરમાં પાંચ પાંડવો છઠ્ઠાં કુંતા માતા અને સાતમાં દ્રૌપદીજી આ સાતે મૂર્તિઓ તે દેરાસરમાં છે. અને દેરાસરની પાછળના દેરાસરમાં સહસ્રકુટ (૧૦૨૪ મૂર્તિઓ જેમાં હોય તે) તથા ૧૪ રાજલોક–પુરુષાકારે જેમાં રચના છે તે. હવે કેટલોક વર્ગ, ઉંડા ઉતરી તપાસ કર્યા વિના કે કોઈ જાણકારને પૂછી ખૂલાસો કર્યા વિના જ કહી દે છે કે, એટલી જગ્યામાં વીસ ક્રોડ સમાય શી રીતે? તો તેનો ખૂલાસો નીચે પ્રમાણે જાણવો. પ્રથમ તે ચોથા આરામાં ગિરિરાજ ૫૦ યોજન લાંબો અને તેટલો જ પહોળો. એક યોજનના ગાઉ ૪ અને એક કોશના ૨૦૦૦ ધનુષ્ય થાય જ્યારે દરેક મનુષ્ય પોતાને હાથે લંબાઇમાં એક ધનુષ્ય (૪ હાથ) હોઇ શકે, એટલે ૧ ગાઉમાં સંથારા કરે તો પણ ૨૦૦૦ સમાઈ શકે, જ્યારે ૧ યોજનમાં ૮૦૦૦ સમાઇ શકે, જેથી લંબાઈ ૫૦ યોજન હોવાથી ૮૦૦૦ ને પચ્ચાશે ગુણતાં ૪૦૦૦૦૦ આવે અને તે ચાર લાખ લંબાઇમાં સમાય, આ હિસાબ થયો લંબાઈનો. હવે પહોળાઈમાં, પોતાની લંબાઈ કરતાં ચોથે ભાગે પ્રાયઃ (મનુષ્ય) હોઈ શકે. જેમ લંબાઇ (૫૦ યોજન) માં ૪૦૦૦૦૦ ચાર લાખ સમાય; તેમ (૫૦ યોજન) પહોળાઇમાં ૧૬૦૦૦૦૦ સોળ લાખ સમાય જેથી ૧૬૦૦૦૦૦ સોળ લાખને ૪૦૦૦૦૦ ચાર લાખે ગુણતાં ૬૪૦૦૦૦૦૦૦૦૦ ચોસઠ ક્રોડ અને લૌકિક હિસાબે ૬ નિખર્વ અને ૪ ખર્વ મનુષ્યોનો સમાવેશ (સૂતેલાંનો) થઇ શકે. તો પછી ૨૦૦૦૦૦૦૦ વીશ ક્રોડ મુનિઓના સમાવેશની શંકાને સ્થાન જ ક્યાં રહે છે? અસ્તુ.

પ્રાસંગિક પણ જરૂરનું કહેવાયું, હવે મૂળ હકીકત કહેવાય છે.

## છાલાકુંડ પાસેની પાંચ મૂર્તિઓ

૧ રામ, ૨ ભરત, ૩ થાવચ્ચાપુત્ર, ૪ શુકપરિવ્રાજક, ૫ સેલગાચાર્ય

**थावच्चासुय सेलगाय, मुणिणोवि तह राममुणि, भरहो दसरह पुत्तो सिद्धा वंदामि सेत्तुंजे ॥१॥**

( શત્રુંજય લઘુ કલ્પ ગાથા ૫ મી ) અહિં દર્શન કરી આગળ ચાલતાં ડાબી બાજુ શ્રી સુકોશલમુનિની પાદુકા આવે છે.

આ સુકોશલ મુનિ તે કીર્તિધર રાજાના સુપુત્ર થાય અને કીર્તિધર રાજા શ્રી રૂષભદેવની વંશપરંપરામાં થયેલ શ્રી રામચંદ્રજીના પૂર્વજોમાંના છે. આ રાજા એક દિવસ ઝરૂખામાં બેઠા, આકાશની શોભાને નિહાળતાં ખુશી થાય છે. એટલામાં [૦))] અમાવાસ્યાનું સૂર્યગ્રહણ હોવાથી જે સૂર્ય ઉદય વેલાએ પ્રકાશ કરતો તેજસ્વી દેખાયો, તે અત્યારે ઝાંખો દેખાતો માલુમ પડયો. બસ, આ નિમીત્તે આત્મામાં અનેરી અસર કરી, જે રાજા ઘડી પહેલાં બાહ્ય રાજ્યમાં રસ લેતા હતા, તે કીર્તિધર રાજા અભ્યંતર રાજ્યના રસીયા થાય છે.

આ સૂર્ય જેવા મહાન જ્યોતિષિ દેવની પણ જ્યારે ચડતી પડતી તો, માનવ સાહ્યબી તેના કરતાંએ ક્ષણભંગુર અને તેથીજ મારા પૂર્વજો, પળીયાં (ધોળા વાળ) આવતા પહેલાં રાજલક્ષ્મી છોડી પારમેશ્વરી પ્રવ્રજ્યા આદરતા હતા. જ્યારે હું અત્યારસુધી વિષયનો કીડો ઉત્તમ કુળને લજ્જવનાર થયો; એ વિચારની સાથેજ બાળકુમાર (સુકોશલ) ને અયોધ્યાની ગાદીએ સ્થાપી સંયમી બન્યા.

લઘુકર્મી જીવોને આશ્રવોનાં કારણો તે પણ આ રીતે સંવરનાં નિમીત્ત બને છે. જ્યારે બહુલકર્મી જીવોને સંવરનાં કારણો તે આશ્રવનાં નિમીત્ત બને છે. દષ્ટાંત તરીકે વીતરાગની પ્રતિમાનું નિમીત્ત સંખ્યાતિત ભવ્યાત્માઓને તરવામાં પુષ્ટાલંબન; જ્યારે તેના ઉત્થાપકોને સંસાર વૃદ્ધિનું કારણ બને છે. અહિં પણ તેમજ બન્યું છે.

મુનિ બનેલા કીર્તિધર મુનિ ગ્રામાનુગ્રામ વિચરતાં અયોધ્યા નગરી પધારે છે. જે મુનિનું નામ સાંભળવા કે દર્શનથી આનંદ પામી લાભ ઉઠાવવાની ભાવના થાય ત્યારે સુકોશલની માતાને એથી ઉલટું બને છે. કીર્તિધર મુનિ પધાર્યાના સમાચાર સાંભળતાં રાણી એકદમ રોષાવેશમાં આવી વિચારે છે કે, મારો પતિ અમને રખડાવી મુંડીઓ થયો. પણ જો આ સુકોશલ કુમાર આના સહવાસમાં આવશે તો તેને પણ લઈ જશે. આ પ્રમાણે દુષ્ટ વિચારવાળી તે રાણીએ નગરીમાં પધારેલા તે મુનિને અપમાન કરાવી નગર બહાર કઢાવ્યા. તે વાતની ખબર ધાવમાતાને પડતાં રૂદન કરવા લાગી તેને સુકોશલ કુમારે ખબર પૂછવાથી યથાર્થ હકીકત જણાવતાં લઘુકર્મી સુકોશલ, પિતા મુનિ પાસે ગયો. ત્યાં વંદન કરી, અપરાધ ખમાવી બેઠો. મુનિએ વૈરાગ્યવાહિની દેશના આપી તે સાંભળતાં સુકોશલને વૈરાગ્ય થવાથી ભારે કર્મી માતાએ ઘણા અટકાવવાના પ્રયાસો કર્યા છતાં સાચી ભાવનાવાળા સુકોશલે રાજ્યપાટ છોડી સંયમ ગ્રહણ કર્યું પણ ભારે કર્મી માતાને ઉલટો રોષ આવવાથી આર્તધ્યાને મરણ પામી વાઘણ થઈ. હવે એક વખત કીર્તિધર તથા સુકોશલ મુનિ સિદ્ધગિરિને ભેટવા પધાર્યા, કીર્તિધર મુનિ જરા આગળ અને સુકોશલ મુનિ પાછળ ચાલ્યા જાય છે, ત્યાં તે વાઘણના જોવામાં આવતાં જ એકદમ ત્રાપ મારી, સુકોશલ મુનિને પકડી તેમનું શરીર વિદારી ભક્ષણ કરે છે, જ્યારે મુનિ વિચારે છે કે, હે આત્મન્

# યુરોપની સુધરેલી પ્રજા આ રીતે છૂટાછેડા મેળવી રહી છે.

## આ બધું હિંદુસ્તાનમાં પાલવશે કે ?— શ્રી ધન્વંતરી

સુધારાનો પવન આજે દુનિયાની ચોમેર વાઇ રહ્યો છે. આ વાવંટોળની અસરથી હિંદુસ્તાન દેશ પણ હવે બચી જઇ શકે તેમ નથી. ધર્મ, સમાજ, કુટુંબવ્યવસ્થા, રહેણીકહેણી, આ બધી બાબતોમાં પરદેશી સંસ્કૃતિનું અનુકરણ કરીને હિંદુસ્તાનની પ્રજાએ ગુમાવ્યું છે ઘણું, મેળવ્યું છે થોડું. હમણાં તાજેતરમાં મુંબઇની પ્રાન્તિક સરકાર, છૂટાછેડાનું બીલ લાવી, હિંદુ સંસારના સમાજને સુખી કરવાની અભિલાષા સેવી રહી છે. આને અંગે મુંબઈના એક અઠવાડિકમાં હમણાં જ પ્રગટ થયેલો આ લેખ કાંઇક 'ઢાલની બીજી બાજુ' રજુ કરતો હોઇ, તે તે સૌ લાગતાવળગતાઓને વાંચી જવાની અમારી ભલામણ છે. અમે ઇચ્છીએ છીએ કે, હિંદુસ્તાનની પવિત્ર ભૂમિ પર આવું વાતાવરણ ન ઉભું થાય !

પશ્ચિમની દુનિયાની વર્તમાન સામાજિક રચનાએ, ત્યાંના લોકજીવનને એટલું બધું ચૂસી નાંખ્યું છે કે, એ આખી રચનાનું માળખું કયારે તૂટી પડશે તેજ કલ્પવું મુશ્કેલ બન્યું છે. ત્યાંની શિક્ષણપદ્ધતિએ લગ્નના અતિ ગંભીર કોયડાને બેહાલ સ્થિતિમાં મૂકી દીધો છે. લગ્નની કંઇ કીંમતજ રહી નથી. લગ્નજીવન સાથે એવી ઉત્તમ ભાવનાઓ અને પ્રવૃત્તિઓનો તદ્દન અભાવ છે. પરિણીત સ્ત્રી–પુરૂષોનાં જીવન્ દુઃખ અને કરૂણાનો આવિષ્કાર હંમેશાં મેળવતાં હોય છે. ત્યાંની વર્તમાન સામાજિક સ્થિતિમાં લગ્ન, એ સ્ત્રી–પુરૂષના જીવનનો આરંભ ગણાય છે. સાથોસાથ છૂટાછેડાનો નિશ્ચિતરૂપ પાછળ આવતો હોય છે.

આવું છે પશ્ચિમની દુનિયાનું આજનું સામાજિક જીવન. જ્યારે સામાજિક જીવન આટલી હદે વેરવિખેર થયું હોય ત્યારે લોક જીવનના બીજા અંગો વિષે ખ્યાલ મેળવવો સરળ છે; પરંતુ એ કંપારી ઉપજાવનારો છે.

પશ્ચિમના સમાજમાં સાવ સામાન્ય બનેલો છૂટાછેડાનો રિવાજ રસપ્રદ છે અને જાણવા જેવો છે. નિયમ એવો છે કે, લગ્ન–જીવન પસાર કરતાં દંપતીએ છૂટાછેડા લેતા પહેલાં કોર્ટ સમક્ષ છૂટાછેડા માટેનાં કારણો જણાવવા જોઇએ. આવી સ્થિતિમાં સ્ત્રી કે પુરૂષ પો-

---

**તને મુક્તિ માર્ગમાં જતાં આ સહાયક મળી માટે તેનો ઉપકાર માનવો જોઇએ. આ ભાવનામાં ક્ષપકશ્રેણી માંડી અને શુકલધ્યાન ધ્યાવતાં અંતગડ કેવળી થઈ સિદ્ધિગતિમાં આદિઅનંતા ભાંગે પધાર્યા.**

**પશુ પંખી પણ ઇણગિરિ આવે, ભવ ત્રીજે**
**તે સિદ્ધ જ થાવે, અજરામર પદ પાવે. ।।**

હવે તે વાઘણ ત્રટત્રટ નાડી–નસોને ત્રોડતી, બટબટ બટકાં ભરતી, ગટગટ રૂધીરને પીતી, ચટચટ માંસની ખાતી ખુશી થાય છે તેટલામાં મુખમાં રહેલી દંતપંકિત દેખવામાં આવતાં બારીકીથી અવલોકતાં, ઉહાપોહથી જાતિસ્મરણ જ્ઞાન થતાં પૂર્વભવનાં કુકર્મોનો પશ્ચાતાપ કરતાં શુભ ભાવનાથી અણસણ આદરી સ્વર્ગે ગઈ અને એકાવતારી થઈ. ઉપર જણાવેલ સુકોશલ મુનિની પાદુકાનાં દર્શન કરી જરા આગળ ડાબી બાજુ નમિ–વિનમિ વિદ્યાધર મુનિનાં પગલાં આવે છે.

**નમિવિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિરાય**
**સાથે સિદ્ધિ વધુ વર્યા, શત્રુંજય સુપસાય ।।**

( નવાણું પ્રકારી પૂજા ૭મી ઢાળનો દુહો– )

તાના બચાવનામા રૂપે વિચિત્ર આક્ષેપો અને કારણો રજૂ કરતાં હોય છે. સાચેજ આ કારણો જોતાં જરૂર લાગે છે કે, પશ્ચિમમાં સંસ્કૃતિ, નૈતિક જીવન જેવી કોઇ કાયમી વસ્તુ જ નથી.

તેથી જ આજકાલ આપણા સમાજમાં પશ્ચિમના રિવાજોનું અનુકરણ ચાલી રહ્યું છે અને જેને સુધારાને નામે પ્રોત્સાહન અપાય છે. તે સમયે પશ્ચિમની સમાજ રચનાની આછી ઝાંખી આપણા પ્રશ્નોને સમજવામાં અને સફળરીતે ઉકેલવામાં મદદરૂપ થઈ પડશે.

અમેરિકાના પેન્સિલ્વેનિયા નગરની અદાલત સમક્ષ પોતાના પતિ સાથે છૂટાછેડા લેવા માટે કારણો રજુ કરતાં, મેરીયા નામની એક સ્રીએ જણાવ્યું; મારો પતિ હમેશાં મારા ઉપર શંકાની નજરે જુએ છે. તે જ્યારે ઘરની બહાર જાય ત્યારે ઘરના દરવાજાને બંધ કરીને સાંકળ ઉપર અમુક ગાંઠ મારી દોરીઓ બાંધી જાય છે, જો એ ગાંઠમાં જરાયે ફેરફાર જણાય તો એ મને સખ્તરીતે ધમકાવે છે અને ઘણી વાર મારમાર કરે છે. "મારા ચારિત્ર પર મારા પતિને વિશ્વાસ ન હોવાથી હું અદાલત સમક્ષ છૂટાછેડાની માંગણી કરૂં છું."

ઈંગ્લાંડના ઓવાન શહેરમાં એક પતિએ પોતાની પત્ની સાથે છૂટાછેડા લેવા માટેનાં કારણો રજૂ કરતાં કહ્યું કે, "એને હંમેશાં નૃત્યમાં જઇને પરપુરૂષો સાથે ચેષ્ટાઓ કરવાની બહુ આદત છે. બીજા પુરૂષો સાથે આ રીતે સંબંધ રાખે એ મારા પતિ તરીકેના હક ઉપર ગંભીર તરાપ છે એમ હું માનું છું."

કેલીફોર્નીયાના એક ગામના એક યુવાને પોતાની પત્ની સાથે છૂટાછેડા લેવા માટે જણાવ્યું કે, 'એને હંમેશાં બહુ ચીસો પાડવાની ટેવ છે. નાની નાની બાબતમાં પણ તે બધા સાથે લડી પડે છે. મારા મિત્રોની વચ્ચે મારી ત્રુટીઓ ખૂલ્લી કરતાં તે અચકાતી નથી. વળી મારા બાળકોને જરા જરામાં એ મારે છે તેથી હું ઘણો કંટાળી ગયો છું.'

ન્યુજર્સીની અદાલત સમક્ષ એક પતિએ ફરિયાદ કરતાં જણાવ્યું કે, 'હું તો એક સામાન્ય નોકરિયાત માણસ છું. મારી આવક પણ ઘણી મર્યાદિત છે. મારી પત્ની ઠીક ઠીક ભણેલી હોવા છતાં રસોઈ કરવાની બાબતમાં તે ઢબુનો "ઢ" છે. તેને રસોઈ કરતાં જરા પણ આવડતું નથી. હંમેશાં મારે કાચા–કોરા અને બળેલા ખોરાક વડે ચલાવી લેવું પડે છે. હવે હું એ કેટલો સમય સહન કરૂં? મારી ધીરજ ખૂટી ગઇ છે.,

એક પત્નીએ પોતાના પતિ સામે વિરોધ નોંધાવતાં જણાવ્યું કે, 'મારો પતિ ઘણો વ્યભિચારી છે, તેનું મન અત્યંત વાસનામય છે. તેની માગણીને તો હું પુરેપૂરી તાબે થતી ન હોવાથી તે બીજી સ્રીઓ સાથે વ્યભિચાર કરે છે. એ મારે માટે તદ્દન અયોગ્ય છે, તેથી મને છૂટાછેડા મળવા જોઈએ.,

નેબ્રાસ્કા નગરની ૭૦ વર્ષની એક સ્રીએ પોતાના ૮૨ વર્ષના પતિ સાથે છૂટાછેડાની માગણી કરતાં કહ્યું કે, 'મારા પતિના વિચારો ઘણા પછાત છે અને મનોરંજન પ્રત્યેનો તેનો રસ તદ્દન સૂકાઈ ગયો એથી મારી આશાઓના ચુરેચૂરા થઈ જાય છે.'

## સહશિક્ષણે સમાજની નીતિ અને આદર્શોને જબરજસ્ત ફટકો લગાવ્યો છે.

# સહશિક્ષણનું પરિણામ;

શ્રી સમાજ સેવક

સમાજ પોતાના નવયુવકો અને નવયુવતિઓને અનીતિમાન, નીતિભ્રષ્ટ બનવા દે છે અને જે સમાજને શીલ, એક પતિ અને એક પત્નિવ્રત પારસ્પરકી વિશ્વાસ અને પરાયણતાની જરા કે પડી નથી, એ સમાજ જરૂર નાશ અને નર્કના માર્ગે ઝડપથી કુચ કરી રહેલ છે.

પરાધિન હિંદને આજકાલ પાશ્ચિમાત્ય સંસ્કૃતિ અને રહેણી-કરણી અપનાવીને પોતાની પરંપરાગત સંસ્કૃતિ અને રહેણી–કરણીને તિલાંજલી આપવાના પ્રચંડ પ્રયત્નો થઈ રહ્યા છે. અને એ પ્રયત્નોમાં અત્યારની શિક્ષણ પદ્ધતિનો પણ સમાવેશ થઇ જાય છે.

હિંદમાં આજકાલ અપાઈ રહેલાં ટોળા શિક્ષણની પદ્ધતિ જોતાં સહશિક્ષણ, સમાજની નીતિના સંરક્ષણ માટે ભયંકર રીતે ભયાવહ છે; એટલું જ નહિ પરંતુ સામાજિક અખંડતા અને નક્કરતા માટે નરાતાળ નાશકારક છે.

સહશિક્ષણે સમાજનો સત્યાનાશ વાળવા માંડ્યો છે. સહશિક્ષણે આપણા સમાજમાં ઠેર ઠેર પ્રેમનારાયણો અને શીલભંગ શિષ્યાઓને સારી સંખ્યામાં સર્જ્યા છે. આ સર્જન સામે સમાજનું નિરંતર હિત ઇચ્છતા એક ચિંતનશીલ વર્ગે ઉગ્ર વિરોધ અને તિવ્ર તિસ્કાર ઉઘાડે છોગે અને મુકત કંઠે વ્યકત કર્યો છે; જ્યારે અનીતિ અને અધમતાને ઉત્તેજનારા પ્રાગતિકવાદના પડપડાટ કરનારા બીજા એક વર્ગે એનો પક્ષ લીધો છે; એટલું જ નહિ પરંતુ પ્રગતિના પંથે એક ભવ્ય કૂચ કરી એના પર પ્રશંસાનાં પુષ્પો વેરી એને વધાવી પણ છે.

આ અનીતિ અને અધમતાના પંથે પળેલા જાતિભ્રષ્ટ નર-માદાઓને કેટલાક અનીતિને અનુસરનારા વર્ગો અપનાવી લેવાથી એમના સ્થાન અને પદ તો સમાજમાં જેવાને તેવાંજ રહ્યાં છે; પરંતુ એની અનિચ્છનીય અસર તો ઉપજવા વગર રહી નથી. એ નરી આંખે નિહાળનારાઓને જણાયા વગર રહ્યું નથી.

અખંડ બ્રહ્મચર્ય સેવન પછીજ બ્રહ્મચારી યુવક–યુવતીના લગ્નનો પ્રાચીન ભારતનો આદર્શ છે અને એમાંજ વ્યકિત, કુટુમ્બ ને સમાજનું દીર્ઘજીવન, સ્થિરતા અને સાચું સૌભાગ્ય રહેલું છે; પરંતુ આજકાલ આપણા સમાજનો મોટો ભાગ પાશ્ચિમાત્ય સંસ્કૃતિ અને જીવન પદ્ધતિનો અંધપૂજારી બન્યો છે. કુત્સીતતાનેજ એ સ્વચ્છતા અને દક્ષતા માનતો થયો છે. મુકત સ્નેહ અને સહચાર એનો જીવન સિદ્ધાંત બન્યો છે. આજે સ્નેહલગ્ન અને કાલે લગ્નવિચ્છેદ એનો જીવન વ્યવહાર બન્યો છે અને જગતમાં જેમ ફાવે તેમ ફરવું એ ચબરાક અને ચંચળમાં ખપાવવાનો નવયુવક–યુવતિનો યોગ્ય આદર્શ બની રહ્યો છે. શીલભાવનાને સદંતર ભૂલી જવામાં આવેલ છે. નીતિને નવગજના નમસ્કાર કરવામાં આવેલ છે.

પણ એ રખે વીસરી જતા કે, પાશ્ચિમાત્ય દેશો એના અનીતિમાન થવાના દોષનું ભયંકર પ્રાયશ્ચિત આજકાલ રહ્યાં છે. યુદ્ધની આગમાંથી પસાર થઇને એ દોષનું નિવારણ કરી રહ્યાં છે.

સમાજના આ સડાને મૂળમાંથી જ ડામી દેવાના અને સમૂળ ઉચ્છેદવાના ભિન્ન ભિન્ન દેશોમાં, ભિન્ન ભિન્ન ઉપાયો યોજવામાં આવે છે. આપણા દેશના પ્રાચીન ન્યાય છણનારાઓ વ્યભિચારીઓને નર્ક કુંડમાં ડૂબાડતા અને

વિષ્ટા ખવરાવતા હતા. આ ઉપાય અત્યારના યુગની વિચારસરણીથી વિચારતાં બિભત્સ જરૂર દેખાય છે; પરંતુ સુધરેલા ગણાતા અત્યારના પાશ્ચિમાત્યદેશોમાં એનાથી પણ અધિક બીભત્સ અને ક્રૂર સજાઓ હજીયે થતી રહી છે. અમેરિકાના સંયુક્ત રાષ્ટ્રોમાં તેમ જ યુરોપના પૂર્વ રાષ્ટ્રો–જર્મની અને ઓસ્ટ્રીયામાં તો શૃંગાર ભોગવવાની સીમા ઉલ્લંઘન કરનારા રોગિષ્ટ અને અધમ વ્યક્તિઓને ખસી કરી નાખવાની સજા ફરમાવાય છે.

અને સોવિયેટ રશિયામાં તો સમાજ વિરોધી ગણાતા સામ્યવાદી વિરોધીઓનું ચૂપચાપ નિકંદનજ કાઢી નાખવામાં આવતું હતું. આ પ્રવૃત્તિના પરિણામે જ આજે રશિયાનો સામ્યવાદ શુદ્ધ પારદર્શક થવા પામ્યો છે. કાંટા અને નકામા ઉગી નીકળતા ઝાડ–ઝાંખરાને કોદાળી અને કુહાડા વતી કાપી નાંખીને તેમજ હળ ફેરવીને જમીનને સાફ કરવામાં આવે છે, તેમ અધમ અને અનીતિમાં રાચનારાઓને ઉચ્છેદી નાખવા જોઇએ.

જનતા જાગૃત થઈ છે, હથીઆરોથી સામનો કરવા તૈયાર થઈ છે એની અધમ વૃત્તિના એ નરપિશાચોને જાણ થશે કે, તુર્તજ એમની પ્રવૃત્તિ ઓસરી જશે. વળી આવા નરાધમોથી ચેતીને ચાલવાની બાળાઓને એમના મા–બાપો, વાલીઓએ તેમજ એમની શિક્ષિકાઓએ શીખામણ આપવી જોઇએ છે. આમ થવાથી તેઓ અસહાય પરિસ્થિતિમાં મૂકાઈ જવાય અગર તો ગેરરસ્તે દોરવાઈ જવાય એવી લાલચોથી દૂર રહી શકશે. પર્યટન–પ્રવાસો કરવાનો, નાટકીય અભિનય, સંગીત કે નૃત્ય શીખવવાનો કે બીજી કળાના દર્શન કરાવવાના બહાને એ હરામખોરો અબુધ બાળાઓને ફસાવવાનો ધંધો લઇ બેઠા છે. એમની એમને સવિસ્તર હકીકત કહી રાખવી જોઇએ છે. પોતાના વાલીઓ અથવા જાણીતા શિક્ષણ શાસ્ત્રીઓને કોઈપણ વ્યક્તિના દુષ્ટ ચેનચાળા કે ગેરવર્તનના ખબર આપી દેવાની હિંમત દાખવવાને એમને ઉત્તેજન આપવું ઘટે છે. આ ઉપરાંત ત્રાસ આપનારાઓ સાથે પોતાને કેમ કરવું એની પણ એમને યોગ્ય તાલીમ આપવી જોઇએ છે, આવી હકીકત બને ત્યારે ખોટી શરમ રાખ્યા સિવાય એવા અધમોને જેમ બને તેમ ખૂબ જ ઉઘાડા પાડવા જોઇએ.

શિક્ષણ અને જાહેર સંસ્થાઓમાં ઘુસી ગયેલા બદમાસોને દૂર કરવા માટે શિક્ષણ સંસ્થાના સંચાલકોએ વિદ્યાર્થીનીઓ અને શિક્ષકોનો છૂપો મત ચૂંટણીની પદ્ધતિએ આપવો જોઇએ અને બહુમતીએ એવી વિકૃત માનસવાળી વ્યક્તિને સંસ્થામાં રહેવા દેવા વિરૂદ્ધમાં નિર્ણય કર્યો હોય તો એને રૂખસદ આપવી જોઇએ. જીંદગીમાં કોઈ પણ વખતે અનીતિમાન કાર્ય કરવા માટે અગર તો એ કાર્ય પ્રત્યે આંખમીંચામણા કરનારને એવી સંસ્થાઓથી સદૈવ દૂર રાખવાની જ તકેદારી રાખવી ઘટે છે.

સમાજનું શ્રેય ઇચ્છતી વ્યક્તિઓએ બહાર પડીને આ વ્યાપક બની રહેલા સડાને ડાંભવાના પ્રયાસો કરવા ઘટે છે અને એ પ્રયાસો કરતાં એમણે એ અધમ વ્યક્તિના વિશિષ્ટ દરજ્જા અને સત્તાની શેહમાં તણાયા વગર આગળ ધપવું જોઇએ.

**નોંધ**–આ લેખની સાથે અમે પુરેપૂરા સંમત તો નથી જ. સં૦

# જીવનમાં શુભ ક્રિયાનું સ્થાન:

પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ

શ્રી વીતરાગ પરમાત્માના શાસને રથના બે ચક્રની જેમ સમ્યગ્જ્ઞાન અને શુભક્રિયા આ બંનેથી મુક્તિ સાધ્ય માની છે. એથી સિબિકા વાહક બે પુરુષો, સંતાનોત્પાદક જનક જનેતા, કે ફલોત્પાદક બીજ અને ભૂમિની માફક જ્ઞાન અને ક્રિયા બેમાંથી એકેયને મુખ્ય કે ગૌણ ન કહેવાય પણ એ વાત સાચી છે કે, સામાન્ય રીતિએ જીવ અનંત દ્રવ્ય ક્રિયા ( સદ્જ્ઞાન વિનાની શુભ ક્રિયા ) કરી આવ્યો છતાં એથી અજરામર બની શક્યો નથી, તોપણ એ વાત નક્કી છે કે, જીવ જ્યારે સમ્યક્ત્વથી વિશુદ્ધ બનેલ જ્ઞાન પામીને સાથે શુભક્રિયા આચરે છે ત્યારે જ મોક્ષ પામી શકે છે.

"એટલે ક્રિયા-ક્રિયા શું કરો છો? ક્રિયાતો અનંતી કરી, કાંઈ વળ્યું નહિ; શુદ્ધ જ્ઞાન મેળવો" આ અશુભ આશયથી બોલાય છે, કેમકે અનંત ક્રિયાઓ નકામી ગઈ ત્યાં ક્રિયા નકામી નહોતી કિંતુ જેમ બીડની ભૂમિ પર પડેલ વૃષ્ટિ સ્વયં નકામી નથી, પણ ભૂમિની રસાળતા વિના પાક પેદા કરી શકતી નથી, તેમ સમ્યગ્જ્ઞાનના સહકાર વિના શુભક્રિયા એકલી મોક્ષ સાધી શકતી નથી, એમ તો વૃષ્ટિ વિના સબીજ ભૂમિની રસાળતા પણ ફલજનન કરતી નથી છતાં નકામી ગણાતી નથી તો પછી રસાળતા વિના વૃષ્ટિ કે સમ્યગ્જ્ઞાન વિના ક્રિયા નકામી; એ ક્રિયા ઉડાવી દેવાના આશયે કેમ જ કહી શકાય? આથી સંસારના ત્રિવિધ તાપ અને **"पुनरपि जननं पुनरपि मरणं"** થી પીડાએલા જે કોઈને એનાથી મુક્તિ જોઈતી હોય એણે સમ્યગ્જ્ઞાન અને શુભક્રિયામાં ખૂબ જ ઉદ્યત રહેવું ઘટે.

સમ્યગ્જ્ઞાન એટલે વિષય પ્રતિભાસજ્ઞાન નહિ, કિંતુ પરિણતિજ્ઞાન; તત્ત્વરુચિથી અલંકૃત તત્ત્વજ્ઞાન. આ જ્ઞાનની એ વિશેષતા છે કે, જેમ 'ગુંડા ટોળીનો હુમલો' એ સાંભળતાં જ હૃદયમાં એક પ્રકારનો આંચકો અનુભવાય છે, અને 'ગુંડાઓનો પોલીસે લીધેલો કબજો' એ જાણતાં જેમ આશાએસ-શાંતિનો અનુભવ થાય છે, એવી રીતે આત્મઘાતક હેયતત્ત્વ પ્રત્યે કંપયુક્ત તિરસ્કાર અને આત્મહિતકર ઉપાદેયતત્ત્વ તરફ રોમાંચક પ્રેમ હૈયામાં ઉછળે છે. જે હેયોપાદેય જાણ્યા પછી આવું હૃદયના ઉંડાણમાં ન અનુભવાતું હોય એ જ્ઞાનને પરિણતિજ્ઞાન કે સમ્યગ્જ્ઞાન કેમ કહેવાય? આજના જડવાદના યુગમાં હેયોપાદેયનો વિવેક કરાવનારા ઉંચા તત્ત્વબોધની જ જ્યાં ઉપેક્ષા દેખાતી હોય ત્યાં પરિણતિજ્ઞાન માટેનું અરણ્યરુદન કોણ સાંભળે? એવી જ રીતે જડવિકાસસાધક આજના પ્રવૃત્તિયુગમાં સર્વજ્ઞોક્ત આત્મવિકાસી શુભક્રિયાઓ ક્યાં ઉભી રહે? ભોગવિલાસની ભયાનક આસક્તિએ અને અર્થની કાયમી હૃદયઘેલછાએ ઈષ્ટસુખ, શાંતિને દેશવટો દેવરાવી, અતૂલ અજંપો ઉભો કર્યો છે. રાતદિવસ એની ચિંતા ચિત્તને ચિતા પર ચડાવે છે, અને કસ્તુરીઆ મૃગની જેમ જીવને દોડધામ કરાવે છે, અનેક પાપપ્રવૃત્તિઓમાં ઉદ્યમશીલ રાખે છે, ધાર્યું પુરૂં મળતું નથી, મળે છે તો અનેક નવીન ધારણાઓ-મનોરથો જન્માવીને, ફેર ઘાંચીની ઘાણીના બેલની જેમ નવી સવારથી એવીને એવી પ્રવૃત્તિઓનાં ચક્રો ગતિમાન થાય છે. એટલે પરપ્રવૃત્તિ-અશુભપ્રવૃત્તિ ને જડવાસના બીજાંકૂરન્યાયે જન્મેજન્મ આત્મક્ષેત્રે ઉત્પન્ન થયે જાય છે, કોણ જાણે ક્યારે અંત આવશે! આહાહા! જે જડતત્ત્વ

આત્માથી સદાને માટે નિરાળું છે, આત્મ-ઋદ્ધિતા વર્દ્ધકને બદલે સંહારકનું કાર્ય કરે છે, એવાની પાછળ આત્માની વૃત્તિ–પ્રવૃત્તિ વણાઈ જવાની આટલી બધી ઘેલછા ! બસ, આ સ્થિતિ મિટાવવાનું અપૂર્વસાધન શુભક્રિયાએ છે.

એને મહાન્ લાભ એ છે કે, અશુભ-ક્રિયામાં પલોટાયેલા આત્માને જે અશુભભાવો પુષ્ટ બનતા રહે છે એને શુભક્રિયાથી આંચકો લાગે છે, અને એથી શુભવિચારણાને અવકાશ મળે છે. સામાન્યરીતે આત્મા જ્યાં જાય ત્યાં તેનો થઇ જાય છે. કંદોઈની દુકાન આગળ મોંમાં જે પાણી છૂટે છે તે કાપડીયાની દુકાન આગળ નહિ, શૃંગારચિત્રો જોતાં જે ભાવ મનમાં આવે છે તે ઋષિમહર્ષિના ચિત્રો જોતાં નહિ, યુદ્ધભૂમિ પર જે વિચારો ધસે છે એ ઘરમાં નહિ. બીજાના પણ લગ્નમંડપમાં ઉભા ઉભા જે ભાવનાએ ઉઠે છે, તે શ્મશાન-યાત્રામાં નહિ. આ સૂચવે છે કે, આત્મા જે ભૂમિકા પર બેઠો હોય છે ત્યાંનું વાતાવરણ એને અસર કરે છે. વૈરાગ્યની ભાવનાએ કરવી હશે તો સામે પરમાત્માની મૂર્તિ જોઇશે, પણ પ્રિયાની કાયા કે પ્રિયાનું ચિત્ર નહિ. અનાદિ અનંતકાળથી આત્મા મોહનો જ અભ્યાસી હોવાથી કદાચ શુભસ્થાન, શુદ્ધભૂમિકા, કે સત્ક્રિયામાં બેઠો બેઠો પણ મોહના વિચારમાં લપેટાશે, તોય ખ્યાલ આવતાં એને એમ થશે કે, અરે ! હું આ કયા વિચારમાં ચાલ્યો ? એને પાપનો પશ્ચાત્તાપ થશે, મોહના વિચારો ખરાબ છે, એવું ચિંતવવાનો અવકાશ રહેશે. જ્યારે નિરંતર અશુભક્રિયાઓમાં રચ્યાપચ્યા રહેનારને શું કામ મોહના, જડના વિચારો ખરાબ માનવા પડે ? એમ માનવા અવકાશ જ ક્યાં હોય ? શુભક્રિયાઓનો આ પ્રભાવ છે કે, શુભવિચારોની સડકે આત્માને ચઢાવે છે.

પરંતુ એ શુભક્રિયાઓ સમ્યગ્જ્ઞાન યુકત જોઇએ, એટલે કે તદ્ધતુ–અનુષ્ઠાન અને એથી ઉંચી અમૃતઅનુષ્ઠાનરૂપ જોઇએ. રજોવીર્યના મિશ્રણની જેમ આ ક્રિયાજ્ઞાનનું મિશ્રણ એનું નામ અમૃત અનુષ્ઠાન. એમાંથી નિરુપાધિક, નિત્ય અને નિરાબાધ સુખ સંતાનનો જન્મ થાય છે. પરંતુ આજે આના તરફ ઘણી ઉપેક્ષા જોવાય છે, માટે હવે આપણે જોઇએ કે, શી શી ખામીઓને અંગે અમૃત અનુષ્ઠાનના પથે નથી વિહરાતું. [ ક્રમશઃ ]


## અમારાં પ્રકાશનો

**પુષ્પ ૧.** શ્રી જૈન વિદ્યાર્થી ગ્રંન્થમાળા પ્રથમ શ્રેણી પુસ્તિકા દશ રૂા. ૧–૧૨–૦

**પુષ્પ ૨.** નૂતન સજ્ઝાય સંગ્રહ કિંમત આઠ આના.

**પુષ્પ ૩.** શ્રી સિદ્ધહેમ–લઘુવૃત્તિ–અવચૂરિ પરિષ્કાર સહિત એક અધ્યાયના રૂા. ૨–૮–૦ પાંચમું પાદ છપાય છે. સાત અધ્યાયના રૂા. ૧૭–૮–૦ ભરી ગ્રાહક બનો.

**પુષ્પ ૪.** નૂતનગહુંલીસંગ્રહ બીજી આવૃત્તિ છપાય છે.

**પુષ્પ ૫.** શ્રી જૈન વિદ્યાર્થી ગ્રંન્થમાળા બીજી શ્રેણીઃ પુસ્તિકા દશ રૂા. ૨–૦–૦ ભરી ગ્રાહક બનો (૧) સાધના (પ્રેસમાં) (૨) હૃદયનાં તાર (પ્રેસમાં) (૩) Theory of Karma આઠ આના (૪ : ૫) ધન્યનારી (છપાય છે).

ઉમેદચંદ રાયચંદ
ગારીઆધાર (કાઠીઆવાડ)

# અમીવચનો:

## પૂ. પંન્યાસશ્રી પ્રવિણવિજયજી મહારાજ.

માણુસાઈ વિનાના માનવમાં અને દાનવમાં બહુ ઝાઝો તફાવત હોતો નથી.

પરોપકાર રસિકતા, સૌ કોઇના હિતનીજ ચિંતા, ઇર્ષ્યા, વિશ્વાસઘાત, અન્યાય, અનીતિ, માયા, પ્રપંચ આદિ દુર્ગુણોનો ત્યાગ એ માણુસાઇને બતાવનારા માપક યંત્રો છે.

ત્રણે જગતમાં વિના કોર્ટ–કચેરીએ અને વિના વકીલ બેરીસ્ટરે એકધારૂં નિષ્કંટક, અને ધમધોકાર કોઈનું રાજ્ય ચાલતું હોય તો તે એક માત્ર કર્મ-સત્તાનુંજ ચાલે છે.

ધર્મસત્તા અને રાજ્યસત્તાને પાણી પાનારા નરસિંહો કર્મસત્તાની ગર્જના આગળ બકરી જેવા બની જઇ તેની સઘળી આજ્ઞાઓ ચૂપચાપ વધાવી લે છે.

નાસ્તિકોને હરકોઈ વસ્તુ કરતાં સાચી અને સચોટ શ્રદ્ધા જો કોઇ વસ્તુમાં હોય તો તે માત્ર મરણમાં જ છે.

જમીનમાં રહેલ બીજ ગુપ્ત હોવા છતાં, બહાર નીકળેલા અંકુરથી તેનું અસ્તિત્વ સિદ્ધ થાય છે; તેમ સુખ અને દુઃખ રૂપ અંકુરાઓથી પુણ્ય–પાપ પણ સાબિત થઇ શકે છે.

દિવસના અંધાપાથી પીડાતા ઘુવડો, સૂર્યના અસ્તિત્વને કબુલે નહિ તેમ મિથ્યાત્વ રૂપ અંધાપાથી પીડાતા આત્માઓ ધર્મ, અધર્મના અસ્તિત્વનો ઇન્કાર કરે તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી!

પરલોક નથી એમ માનીને પણ સદાચારનું સેવન કરનારાઓને કશુંજ નુકશાન નથી. કદાચ પરલોક ન નીકળ્યો તો સદાચારીને કંઈ ગુમાવવાનું નથી અને જો પરલોક નીકળ્યો તો બાર નાસ્તિકનાજ વાગવાના છે.

રેશનીંગના કારણે સડેલા અને હલકા અનાજને છોડી દેવામાં આવે તો મરણને આધિન થવું પડે છે તેમ કળિકાલના કારણે ક્ષમ્ય અને સામાન્ય સ્ખલનાઓ વાળા સાધુ જીવનની સુંદર સંગત છોડી દેનારાઓનું અધ્યાત્મ જીવન પણ નષ્ટ ભ્રષ્ટ થયા વિના રહેતું નથી.

બધાજ ધર્મો સરખા છે; એમ બોલનારા સમભાવી છે અગર ઉદાર છે એમ નહિ. પરન્તુ તેની પરીક્ષા કરવામાં તદ્દન અશક્ત અને બેદરકાર છે.

દશ બાહ્ય પ્રાણોનું ખુન કરનારા કષાયો કરતાં ધર્મ વિરૂદ્ધ પ્રચાર કરી ભદ્રિક આત્માઓની ધર્મ શ્રદ્ધારૂપ ભાવ પ્રાણોનું ખુન કરનારા વધુ ગુન્હેગાર છે.

વ્યાપારમાં ખોટ જશે એ ધાસ્તિથી વ્યાપારને જ નહિ કરનારો વ્યાપારથી થતા લાભોથી વંચિત રહે છે તેમ પ્રતિજ્ઞા તૂટી જવાના ભયથી જે પ્રતિજ્ઞા લેતો જ નથી તે સંવર નામના ધર્મથી સદા વંચિત રહે છે.

જ્ઞાન આત્મામાં રહેલા કચરાને બતાવનારો સુંદર દીપક છે. જ્યારે ક્રિયા તે કચરાને બહાર કાઢનાર એક સાવરણી છે. ક્રિયા રૂપ સાવરણીનો ઉપયોગ કર્યા વિના દીવાની તાકાત નથી કે જે આત્મામાં રહેલો કચરો બહાર ફેંકી શકે. માટે જ્ઞાન અને ક્રિયા બે મળીને જ મોક્ષનું સાધન બની શકે છે.

મુસાફરીમાં મળેલા મુસાફરનું પુનઃ મીલન જેમ દુર્લભ છે; તેમ માનવ જીવન પણ પુનઃ મળવું અતિ દુર્લભ છે.

ધનવાનને કાંટો વાગે ત્યારે ખમાખમા કરનારાઓએ કોઇ ગરીબ પર્વત ઉપરથી ગબડી જાય ત્યારે ગાલિપ્રદાન નહિ કરતાં થોડું ઘણું આશ્વાસન પણ આપવાની જરૂર છે.

**વિદ્વાન પંડિતો, ઇતિહાસકારો, પુરાતત્ત્વ સંશોધકો, સાહિત્યકારો, આર્ટીસ્ટો, લેખકો, સાક્ષરો, અને શાસનસ્થંભ સૂરીશ્વર આદિ મુનિપુંગવોનો ઉચ્ચકોટીનો સહકાર ધરાવતી જૈનસંઘની લોકપ્રિય સંસ્થા;**

# પ્રાચીન સાહિત્ય અને પુરાતત્ત્વ સંશોધક કાર્યાલય

**પ્રો. શ્રી મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી થાણા [ જી. આઇ. પી. ]**

પ્રાચીન જૈન સાહિત્યનો તેમ ચરિતાનુવાદના ગ્રંથોનો ઐતિહાસિક દૃષ્ટિએ એકધારો ઘણાં વર્ષો સુધી અભ્યાસ કરતાં પ્રાપ્ત થયેલ સાહિત્ય સાધનો, શિલાલેખો, દર્શનાત્મક સ્તુપો, હસ્તપત્રો વગેરે પ્રમાણભૂત સાધનોદ્વારા અને મુનિપુંગવોની નિશ્રામાં રહી અમારા તરફથી પ્રગટ થયેલ ૧ **સમ્રાટ સંપ્રતિ**, ૨ શ્રી **મુનિસુવ્રતસ્વામી** ૩ **શ્રીપાળ ચરિત્ર** માફક બીજા પાંચ વોલિયમો તૈયાર થઈ રહ્યાં છે તે નીચે મુજબ.

૧ **સમ્રાટ વિક્રમાદિત્ય;** સંવત્સર પ્રવર્તક યાને અવંતિના જૈન ઇતિહાસની પ્રમાણિકતાનાં કળામય ચિત્રો સાથે આ ગ્રંથ સળંગ ઇતિહાસ રજૂ કરે છે. જેને વાંચતાં જરૂર ખાત્રી થશે કે, ઇતિહાસકારે પૂરતી જહેમત ઉઠાવી છે. મૂલ્ય રૂા. ૫) સેટ સાથે લેનારને, છુટક મૂલ્ય રૂા. ૭–૦–૦.

૨–૩ **ગૂજરાતનો સુવર્ણયુગ** ભાગ ૧–૨; મહારાજા વિક્રમાદિત્યથી માંડી મહારાજા કુમારપાળના અંતકાળ સુધીનો અણિશુદ્ધ કાળગણનાનો ઇતિહાસ આલેખ્યો છે, આ કાળમાં જૈન મહાજન અને શ્રમણસંઘે ગુર્જરભૂમિની એકહજાર વર્ષ સુધી કેવી સેવા બજાવી છે તેનું સવિસ્તર રસમય શૈલિએ આલેખન રજુ કરવામાં આવ્યું છે, બે ભાગના રૂા. ૧૦) છૂટકના ભાગ એકના રૂા. ૭–૦–૦.

૪ **કામવિજેતા સ્થુલિભદ્ર;** વૈરાગ્યમાં કારણભૂત આ ગ્રંથમાં પંડિત ચાણક્ય અને મહારાજા ચંદ્રશેખરનો સમ્બંધ રજુ કરી, ગ્રંથનાયક સ્થુલિભદ્રજીનું જીવનચરિત્ર પૂરાવા સાથે તૈયાર કરવામાં આવ્યું છે. મૂલ્ય રૂા. ૫) છૂટકના રૂા. ૭–૦–૦.

૫ **પ્રભુ મહાવીર;** પ્રભુના ૭૨ વર્ષોમાં ભારતીય ઘટનાઓની સમાલોચના સાથે પ્રભુ મહાવીરનું જીવનચરિત્ર ઇતિહાસ દૃષ્ટિએ તૈયાર થયું છે. રૂા. ૫–૦–૦

પાંચ ગ્રંથોના સેટની કિંમત અગાઉથી ગ્રાહક થનારને રૂા. ૨૯–૦–૦માં નકલો લીમીટેડ જ કાઢવાની હોવાથી ગ્રાહકથવા માટે આપ તુરતજ અમને લખી જણાવો.

**શ્રીપાળ મહારાજાનો રાસ;** જે રાસનું ચરિત્ર 'મુંબઇ સમાચાર' અઠવાડિકમાં ૧૮ હપ્તાએ પ્રગટ થયું છે તે ચરિત્રમાં સુધારો, વધારો કરી સાથે રાસની ઢાળો અને દુહાઓ આપી, આકર્ષક ફોટાઓ સાથે આ ગ્રંથ તૈયાર થાય છે. મૂલ્ય રૂા. ૫)

**શ્રીપાળ રાજાનો રાસ** [ પ્રતાકારે ] પૂ. સાધુ–સાધ્વી મહારાજોને ઉપયોગી થાય તે રીતે તે રાસને નવ ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે જેથી તે નવ દિવસમાં પુરો થાય. માગધી ભાષામાં રાસ અને સાથે ચરિત્ર; વધુ નકલો ખરીદનારને કમીશન આપવામાં આવશે. સુંદર ફોટાઓ અને જાડા ગ્રીન પેપર ઉપર છાપવાનું હોવા છતાં રૂા. ૧૧)

વિક્રમાદિત્ય ગ્રાહકોને દિવાળી પહેલાં મળી જશે.

# નવાં પુસ્તકો અવલોકન

**સિમંધર જિન વિનતિ;** [વિવેચન સહિત] પ્રકાશક; જૈન સામાયિક શાળા; વઢવાણશહેર, મૂલ્ય; રૂા. ૧—૨—૦ પાકું બાઇન્ડીંગ ક્રાઉન સોળ પેજી ૨૨૪ પેજ પૂ. મુનિરાજશ્રીએ સુંદર શૈલિએ વિવેચન લખ્યું છે.

**ધૈર્યશાળી ધનદકુમાર** અને **શ્રાવક દિનચર્યા;** લેખક; પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ, પ્રકાશક; આચાર્ય શ્રી વિજય લબ્ધિસૂરિજી જૈન પુસ્તકાલય દાદર, કથાનક રસપ્રદ શૈલિમાં લખાયું છે. પાછળના ભાગમાં શ્રાવકોને સદાને માટે જીવનોપયોગી દિનચર્યા મૂકવામાં આવી છે. **કલ્યાણ** માસિકના ગ્રાહકોને ભેટ અપાય છે.

**નૂતન સ્તવનાવલિ;** પ્રકાશક; શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા ચારીઆધર, સીનેમા રાગનાં ૨૮ પ્રભુ ગીતોનો સંગ્રહ છે મૂલ્ય ૦—૩—૦

**ભક્તિરસ પ્યાલા;** સંપાદક; પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ પ્રકાશક; શ્રીમદ્ વિજય લબ્ધિસૂરિજી જૈન પુસ્તકાલય દાદર, ક્રાઉન બત્રીસ પેજી ૨૧૦ પેજ પાકું બાઇન્ડીંગ, સામાયિક, ચૈત્યવંદનાદિની વિધિઓ, પ્રાચીન—અર્વાચીન સ્તવનો, સજ્ઝાયો ગહુંલીઓ, રત્નાકરપચ્ચીસી વગેરેનો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે.

**આજ પછીની આવતી કાલ;** લેખક; પૂ. મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ પ્રકાશક; શેઠ જયંતિલાલ બહેચરદાસ મુંબઇ, આધુનિક શૈલિએ બોધપ્રદ સંવાદ લેખકે લખ્યો છે. પાઠશાળા, બોર્ડીંગો, વિદ્યાલયોમાં ભણતા વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવવા જેવો છે.

**વેરનો વિપાક;** પ્રકાશક; 'જૈન' પત્રની ઓફીસ ભાવનગર, 'જૈન'ના ૪૫ મા વર્ષનું ભેટ પુસ્તક છે. સમરાદિત્ય કેવળીનું જીવન ચરિત્ર, આધુનિક પદ્ધતિએ શ્રી સુશીલભાઇની કસાયેલી કલમે લખાયું છે. પુસ્તકનાં પાનાં ૧૪૪ અને કાચાપુંઠાના હિસાબે મૂલ્ય કંઇક વધુ પડતું છે. મૂલ્ય રૂા. અઢી.

**વર્ધમાન તપો મહાત્મ્ય;** આલેખનકાર; પૂ. પંન્યાસ શ્રી ચંદ્રસાગરજી મહારાજ પ્રકાશિકા; શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી ઉજ્જૈન, સાધ્વીશ્રી તીર્થશ્રીજી મહારાજે શ્રી વર્ધમાન તપની પૂર્ણાહુતી કરી તેના શુભ સ્મરણાર્થે આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. શરૂમાં સાધ્વીશ્રી તીર્થશ્રીજીનું જીવન ચરિત્ર ૫૩ પાનામાં આલેખવામાં આવ્યું છે. આલેખનકારે વર્ધમાન તપનું મહાત્મ્ય, વગેરે બાબતો ઉપર સુંદર પ્રકાશ પાડયો છે.

**સંગીત સુરલતા;** સયોજક; પૂ. પંન્યાસશ્રી પદ્મવિજયજી મહારાજ, પ્રભુગીતો, સ્તુતિઓ, પૂર્વાચાર્ય કૃત સ્તવનો અને નૂતન સ્તવન વગેરેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. બાલજીવોને ઉપયોગી છે.

**સ્થાપનાજી;** પ્રકાશક; નેમિ,—અમૃત—ખાંતિ—નિરંજન ગ્રંથમાળા; મહાવીરસ્વામી, શ્રી ગૌતમસ્વામી, સરસ્વતી દેવી, અને પૂ. આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજના એમ પાંચ ફોટાઓ સાથે નવકાર પંચિંદિય છે. મૂલ્ય રૂા. ૦—૧—૦

**સામાયિક—ચૈત્યવંદન વિધિ;** પ્રકાશક; રતિલાલ બી. શાહ અમદાવાદ આ નાની પુસ્તિકામાં સામાયિક, ચૈત્યવંદન, ગુરૂવંદન વગેરેની સળંગ વિધિપૂર્વક સૂત્રો આપવામાં આવ્યાં છે. મૂલ્ય રૂા. ૦—૪—૦ પેજ બાવન.

**મહાદેવીઓ;** લેખક; શ્રી સુશીલ, પ્રકાશક; શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર; પેજ ૨૪૦ મૂલ્ય; ૩—૮—૦ પ્રભુ મહાવીરના યુગની પંદર મહાદેવીઓની જીવનગાથા, ભાઇશ્રી સુશીલની કલમે આકાર પામી છે, સ્ત્રીઓને વાચન માટે અતિ ઉપયોગી છે. દરેક દેવીના ચરિત્રની શરૂઆતમાં રેખા ચિત્રો આપવામાં આવ્યાં છે. સુંદર જેકેટ પુસ્તકની શોભામાં વધારો કરે છે. આજ લગીમાં સભાએ સુંદર પુસ્તકો સમાજ આગળ ધર્યાં છે તેની કોનાથી ના કહી શકાય તેમ છે.

# પ્લસ પોલીસી

આર્થિક જીવનની શરૂઆતનાં પાંચ વર્ષ દરમ્યાન, હલકા પ્રીમીયમે આખી જીંદગીની મુદતની પોલીસી સરેરાશ વધુ અને સંપૂર્ણ રક્ષણ આપે છે. પાંચ વર્ષ પછી, સ્હેજ વધારે પ્રીમીયમથી એજ પોલીસીને હયાતી માટેની મુદતી પોલીસીમાં ફેરવી નાંખી વૃદ્ધાવસ્થાની નિવૃત્તિને શાંતિમય બનાવી શકશો. આ છે ગ્રેશમની પ્લસ પોલીસી.

## ગ્રેશમ

### જીંદગીના વીમા ઉતારનારી સોસાયટી લી.

સ્થપાઇ સને ૧૮૪૮ માં

હિંદ, બર્મા અને સીલોન માટેની વડી ઓફીસ—

ગ્રેશમ એશ્યુરન્સ હાઉસ, મુંબઇ.

| નરહરિ એમ. ઓઝા | ડી. એસ. સુરતી |
| --- | --- |
| સ્પેશ્યલ એજન્ટ | ડીસ્ટ્રીકટ મેનેજર |
| પાલીતાણા. | પો. બો. નં. ૬૦ |
| [કાઠીઆવાડ] | અમદાવાદ. |



૪૧ વર્ષના જુના અને જાણીતા—

## ફોટોગ્રાફર્સ એન્ડ આર્ટીસ્ટસ

હાઇકલાસ ફોટોગ્રાફીક, પેઇન્ટીંગ એન્લાર્જમેન્ટ વગેરે કરી આપી ગ્રાહકોનો સંતોષ મેળવવો એ અમારો મુદ્રાલેખ છે.

એકાદ કામ આપી ઉત્તમતાની ખાત્રી કરવા ખાસ આગ્રહ કરીએ છીએ

: માલિક :

અમૃતલાલ ટી. દવે

ધી મહેન્દ્ર આર્ટ સ્ટુડીઓ

બાબુબીલ્ડીંગ—પાલીતાણા.


## ભાદરવો અને આસો માસમાં નવા થયેલા સભ્યો.

૧૦૧) શ્રી નંદરબાર જૈનસંઘ

૧૦૧) શ્રી શાંતિભુવન જૈન ઉપાશ્રય જામનગર

૫૧) શેઠ બાબુભાઇ છોટાલાલ નંદરબાર

૫૧) ,, હિંદુમલજી જીતરાજજી રાઠોડ કોલ્હાપુર

૫૧) ,, ફોજાજી મેરામચંદ નંદરબાર

૫૧) ,, ઉમેટા જૈનસંઘ ઉમેટા

૧૧) ,, છોટાલાલ મણીલાલ મુંબઇ

૧૧) ,, દેવજીભાઈ લખમશી સાવલા મુંબઈ

૧૧) ,, ગમ્મતલાલ ચંદુલાલ શાહ સુરત

૧૧) ઝવેરી રૂપચંદ લલ્લુભાઈની—ધર્મશાળા સુરત

૧૧) શેઠ નવીનચંદ્ર નરોતમદાસ ઘાટકોપર

૧૧) ,, ભીમજીભાઈ કાલીદાસ મુંબઇ

૧૧) ,, અમૃતલાલ નાથાલાલ મહેસાણા

## નવી મદદ ............ સાભાર સ્વીકાર

રૂ. ૧૦૧) નંદરબાર જૈન સંઘ—પૂ. મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજના સદુપદેશથી.

રૂ. ૧૦૦) શાંતિભુવન જૈન ઉપાશ્રય જામનગર—પૂ. મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજના સદુપદેશથી.

રૂ. ૫૧) ઉમેટા જૈન સંઘ—પૂ. આચાર્ય દેવશ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી.

રૂ. ૨૫) પાટણ નગીનભાઈ હાલ;—પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના સદુપદેશથી.

રૂ. ૨૫) વઢવાણકેમ્પ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી—પૂ. મુનિરાજ શ્રી રોહીતવિજયજી મહારાજના સદુપદેશથી.

રૂ. ૧૫) ઓરસદ કાશીપરા જૈન સંઘ—પૂ. મુનિરાજ શ્રી હેમેન્દ્રવિજયજી મ૦ તથા પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મ૦ ના સદુપદેશથી.

રૂ. ૧૬) વીરમગામ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી—પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મહારાજના સદુપદેશથી.

રૂ. ૧૫) ઇન્દોર જૈન શ્વે. મૂ. સંઘ—પૂ. આચાર્ય દેવ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ૦ ના સદુપદેશથી.

રૂ. ૧૦) વેજલપુર જૈન સંઘ ભરૂચ...પૂ. મુનિરાજ શ્રી ચિદાનન્દવિજયજી મહારાજના સદુપદેશથી.

તદુપરાંત પૂ. પંન્યાસ શ્રી પ્રવિણવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી, પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ તેમજ શ્રી વાડીલાલ તેજપાળ, શ્રી વાડીલાલ મગનલાલ શેઠ, શ્રી હીરાલાલ રણછોડદાસ માસ્તર, સી. પી. દાશીવાળા શેઠ મગનલાલ પ્રાણજીવનદાસ આદિ શાસન રસિક બંધુઓની શુભ લાગણી અને સહકારની આભારપૂર્વક નોંધ લઇએ છીએ અને આ રીતે, 'કલ્યાણ'ની શુભ પ્રવૃત્તિઓને અન્ય પૂ. આચાર્ય દેવાદિ મુનિવરો અને શાસન રસિક સદ્ગૃહસ્થો અવસરે શક્ય સહકાર આપતા રહેશે એવી આશા રાખીએ છીએ.

સંપાદક

## બાળકોને વંચાવો !

| | | | |
|---|---|---|---|
| ધન્નાશાલિભદ્ર | .... | .... | ૦–૩–૦ |
| દેવપાલ | .... | .... | ૦–૩–૦ |
| વીર રણસીંહ | .... | .... | ૦–૩–૦ |
| સવા સોમા | .... | .... | ૦–૪–૦ |
| સુસીમા | .... | .... | ૦–૩–૦ |
| અક્ષય તૃતીયા કથા | .... | .... | ૦–૩–૦ |
| પ્રાર્થના | .... | .... | ૦–૪–૦ |
| વેરાયેલાં ફુલો | .... | .... | ૦–૪–૦ |
| વિનાશનાં વમળ | .... | ... | ૦–૨–૦ |
| રત્નાકર પચ્ચીસી | .... | .... | ૦–૩–૦ |
| પવિત્રતાના પંથે | .... | .... | ૦–૩–૦ |
| પિયુષ પ્રવાહ | .... | ... | ૦–૩–૦ |
| પુણ્યનો સિતારો | .... | .... | ૦–૩–૦ |
| હૃદયના તાર | .... | .... | ૦–૩–૦ |
| નેમનાથનો શ્લોકો | .... | ... | ૦–૨–૦ |

પંદર પુસ્તકોનો આખો સેટ ખરીદનારને
રૂ. અઢીમાં પોસ્ટેજ ૦–૪–૦

પાઠશાળા, લાઇબ્રેરીનાં પુસ્તકો માટે
લીસ્ટ મંગાવો !

**સોમચંદ ડી. શાહ**

જીવનનિવાસ સામે; પાલીતાણા.



: મુદ્રક : અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રિં. પ્રેસ—પાલીતાણા.